ॐ श्री पुष्पदंत विरचित् ॥



संगीत शिव माहिम्न स्तोत्र

तथा

शंकर विवाह.

મૂળ સંસ્કૃત ઉપરથી ગુજરાતી પદ્યમાં
રચીને પ્રગટ કરનાર,

સોમેશ્વર બાપુજી દેરાશ્રી.

હૉસ્પીટલ આસિસ્ટંટ—લુણાવાડા-સ્ટેટ.

ભુજંગીવૃત.

સ્વયંભુ સર્વેશ સ્વયં પ્રકાશ, પ્રકાશ થઇ પૃથિવ કિધી ઉજાશ,
એવા પ્રભુ સાહ્ય સદૈવ થાવો, થાવો રૂડુ જ્ઞાન, ગુમાન જાવો.

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૭ પ્રત ૫૦૦ સને ૧૯૧૧

કિંમત ફક્ત આના ચાર.

ॐ श्री पुष्पदंत विराचित् ॥



संगीत शिव माहिम्न स्तोत्र

तथा

शंकर विवाह.

મૂળ સંસ્કૃત ઉપરથી ગુજરાતી પદ્યમાં
રચીને પ્રગટ કરનાર,

સોમેશ્વર બાપુજી દેરાશ્રી.

હૉસ્પીટલ આસિસ્ટંટ—લુણાવાડા-સ્ટેટ.

ભુજંગીવૃત.

સ્વયંભુ સર્વેશ સ્વયં પ્રકાશ, પ્રકાશ થઇ પૃથ્વિ કિધી ઉજાશ,
એવા પ્રભુ સાહ્ય સદૈવ થાવો, થાવો રૂડું જ્ઞાન, ગુમાન જાવો.

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૭ પ્રત ૫૦૦ સને ૧૯૧૧

કિંમત ફક્ત આના ચાર.

પ્રસ્તાવના.

શિવ મહિમ્ન સ્તોત્ર—એટલે શિવના મહિમા વિશેનું વર્ણન. આ મહિમ્મન સર્વત્ર પ્રખ્યાત છે, કારણકે સંસ્કૃત ભાષા ભણવાનો આરંભ કરતાં જ પ્રથમ આ પુસ્તક ભણાવવામાં આવે છે. તેમ કેટલાક બ્રાહ્મણવર્ગ વિગેરે માહાદેવ ઉપર તે સ્તોત્રથી અભીષેક કરે છે, તેથી લોકપ્રસિદ્ધ છે, અને સર્વેના જાણવામાં છે તેથી આ જગોએ વધારે લંબાણ કરતો નથી. માત્ર ટુંકામાં લખવાનું કે—શિવ સર્વત્ર વ્યાપક છે, અને શિવ એ બે અક્ષરનું નામ કલ્યાણકારી અને મોક્ષદાયક છે, એવું શિવપુરાણમાં શ્રી પાર્વતિએ કહેલું છે; શિવનું પરમ એવું તત્વ તથા પરમ અદ્ભૂત એવું રૂપ તે બ્રહ્મા, નારદ, અને વિષ્ણુ પણ જાણવા સમર્થ નથી, પણ તેઓ શિવરૂપનું ત્રિકાળ ધ્યાન ધરે છે, એવા સમર્થ અજન્માનું લોક—શિવ છે. આ મહિમ્ન સ્તોત્રનાં પુસ્તકો સંસ્કૃત ભાષામાં છપાયાંછે. તેમ તેનો અર્થ પણ છપાયો છે, પણ આ પુસ્તક ગાયનમાં છપાયું નહિ હોવાથી મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે જુદા જુદા આ જમાનાને અનુસરતા મનને રંજન કરે તેવા રાગમાં બનાવીને પ્રસિદ્ધ કરૂં છું. તો સજ્જન સદગ્રહસ્થો આ પુસ્તકનો લાભ લેશો. તો જેનો જેવો પ્રેમ હશે તેવો તેનો ભોક્તા થશે.

આ મહિમ્ન પુરૂષો તો કેટલાક સારી રીતે જાણે છે, પણ સ્ત્રી જાતિ વર્ગમાં ભાગ્યેજ જાણવામાં હોય, તો તેઓને વાસ્તે આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડશે. એમ ધારૂં છું, શિવભક્તિ સર્વમાં શ્રેષ્ટ કામના પરિપૂર્ણ કરનારી છે, તેમ મોક્ષપદને આપનારી છે, તેનું *સિદ્ધાંત આ સાથે ટુંકામાં આપું છું. આ પુસ્તકમાં પ્રેસમાં થએલી ભુલ ચુક હોય તો તેને માટે ક્ષમા આપશો, આ સાથે શંકરનો વિવાહ રસીક બનાવી મુકયો છે. તે વાંચેથી સર્વેને પ્રિય લાગશે એવી આશા છે.

*સિદ્ધાંત-બ્રાહ્મણઃસર્વસિધ્યર્થં कुर्याच्छंकरपुजनम् ।
· ब्रह्माविष्णवादि देवानां पदप्राप्तिश्चपुजयो ॥ १

લી. સેવક,—સો. બા. દે. ગ્રંથકર્તા.

અનુક્રમણિકા.

અર્પણપત્રિકા.

નેક નામદાર અખંડ પ્રૌઢ પ્રતાપી મહારાજાધિરાજ મહારાણાશ્રી સર વખતસિંહજી કે. સી. આઈ. ઇ. સાહેબ બાહાદુર સ્વસ્થાન લુણાવાડા.

દોહરો.

રજવાટ રક્ષક ધર્મધ્વજ, શૂરવીર સુખકંદ,
વખ્તસિંહ ભૂપાળ પ્રિય, સજ્જન પ્રિય કુલચંદ્ર. ૧

વસંતતિલકા.

છો આપ શ્રેષ્ટ સુખદાયક દ્રવ્યદાતા,
મર્મજ્ઞ સુજ્ઞ જનરંજન ધર્મજ્ઞાતા; ૧
ક્ષત્રિતણા સકળ ધર્મ બજાવિ જાણો,
ગો વિપ્ર આદિ ગુણિ ઉપર પ્રેમ આણો. ૨
આપે પ્રજાજન તણું હિત બૌ કર્યું છે,
સદ્ધર્મ કાર્ય કરવા ધન જ્યાં ભર્યું છે; ૩
દ્રષ્ટિ દયા થકિ ભરી પરમાર્થ કાજે,
સત્કીર્તિરૂપિ છતરી નિજ શીશ છાજે. ૪
બંન્યે પ્રલંબ ભુજજાનું લગિ બિરાજે,
તેમાં ઉદારતણી રેખ સમસ્ત છાજે. ૫
કીર્તિ કવિ બુધ જનો શુભ ગાઇ ગાજે,
શત્રુ તણો સમુહ મુખ છુપાવિ લાજે. ૬
એવા અનેક ગુણ વેષ્ટિત છો દયાળુ,
પંડિત જ્ઞાનિ જનથી પ્રભુ છો મયાળુ ૭
તે જાણિ અર્પણ કરૂં શુભ ગ્રંથ એક.
તે છે મહિમ્ન શિવનું રૂચિ ધર્મ ટેક. ૮

દોહરો.

પુનિત સનાતન ધર્મનો, જે થકિ પ્રગટે બોધ,
રાજ ધર્મ મર્યાદમાં અર્પું કરિને શોધ. ૧

લી. સેવક, સો. બા. લુ. ગ્રંથકર્તા.


ગજાનંદની સ્તુતિ–રાગ ધનાશ્રી.

ગણુનાયક ગણુપતિ સમરૂ હું ગણુનાયક ગણુપતિ.
સ્તુતિ કરૂં તુજ અતી. સમરૂં હું. ટેક.
વિઘ્ન હરણુ લંબોદર સ્વામી(૨)પામુ નહી તુજ ગતી. સમરૂ૦ ૧
એક દંત દયાવંત ગજાનંદ પુજુ હું દો કર વતિ. સમરૂ૦ ૨
સદાય અરધાંગના રહે છે સિદ્ધિ બુદ્ધિ નાર સતિ. સમરૂ૦ ૩
લક્ષ, લાભ, સુત જેના સારા, પ્રાક્રમી ગુણીયલ અતિ. સમરૂ૦ ૪
આપના નામથી સંકટ જાય, શુદ્ધ થાય છે મતિ. સમરૂ૦ ૫
માત તમારાં પાર્વતી કહીએ, પિતા છે શિવ પશુપતિ. સમરૂ૦ ૬
સર્વ કાર્યમાં નામ તમારૂં સ્તુતિ અતિશય થતી. સમરૂ૦ ૭
આ મુજ કાર્યમાં સાહયજ થાશો,આપો મુને સનમતિ સમરૂ૦ ૮

લાવણી.

ગજાનંદ ગવરીકે નંદન, શીશપર મુકુટ ભાલ ચંદન;
તનપર સિંદુરનું લેપન, કરે સુર, નર, કિન્નર. વંદન.
તાત શિવ શંકર નિરંજન, માત ઉમિયાજી દુઃખ ભંજન;
જાય સંકષ્ટ કરે દર્શન, ભક્તિથી થાય પોતે પ્રસન્ન.
પુજનથી ખુશી રહેછે મન, શેવ્યાથી શુદ્ધ થાય છે તન;
વિઘ્ન હરે છે ઇશ્વરનો અંશ, સ્મર્ણથી દુઃખનો થાસે ધ્વંશ.
કાર્યમાં પુજાય ગજાનંદ, લંબોદર શેવે થાય સુખકંદ,
ગણુપતિ સદાય દુઃખ ભંજન, ભક્તનાં કરેછે મન રંજન;
ગણુાધિશ શેવક હું મતિમંદ, આપની સાહ્યથી થાય આનંદ.
આપનું કરૂંછું આરાધંન, કષ્ટમમ કાપો થઇજ પ્રસન્ન;
છો વરદાયકં ગજાનંદ, કરજોડીને કહું છું છંદ.

श्रीगणेशाय नमः



શંકરસ્તુતિ

वसंततिलका

विद्येश्वरं शिव मनंत गुणावतारं ।
यं निर्गुणं श्रुतिविदः कथयंतिनित्यं ॥
तं लिंगरूपमपि भक्त सुखार्थ मात ।
श्रीमद्भवादि विविद्या कृतिमानतोस्मि ॥

ભાવાર્થ—વિદ્યાપતી જનમગુણ અપારરે ? છે.
વેદજ્ઞ નિર્ગુણજ નિત્ય તથાપિ કે છે,
છે લિંગરૂપ પણ ભક્ત સુખાર્થ સ્વામી,
વિવિધ આકૃતિ ધરી હરને નમામી;

ભુજંગ.

કૃપાનાથ કલ્યાણકારી જગેશ, પ્રભુ નિર્વિકારી અનાદી પરેશ;
કૃપાને દયા તારી છે સર્વ ઠામ, નમુ હું તને હો પ્રભુ આતમારામ.

श्लोक.

वामांगे च विभाति भूधरसुता देवापगा मस्तके ।
भालेबालविधुर्गले च गरलं यस्योरासिव्यालराट ॥
सोयंभूतिविभूषणःसुरवरः सर्वाधिपः सर्वदाः
सर्वः सर्वगतः शिवः शशिनिभः श्रीशंकरः पातुमाम् ॥

દુહા.

જટા મુકુટ સુર સરિતસિર, લોચન ન લિન વિશાળ,
નીલકંઠ લાવણ્ય નિધિ, સોહબાલવિધુ ભાલ,

પ્રભુ સમર્થ સર્વજ્ઞશિવ, સકળકળા ગુણધામ,
યોગ જ્ઞાન વૈરાગ્યનિધિ, પ્રણુત કલ્પતરૂ નામ;

વંદુ પદ ધરિ ધરણિશિર વિનય કરૂં કરજોર,
વરણવું શિવગુણ મુખ થકી શ્રીપતિ સિદ્ધાંત પોર.

લાવણી.

જય જય શિવશંકર ભેખ ભયંકર શીશ જટા બીચ ગંગભરી.
રૂંડનહી માલા ઉપવીત વ્યાલા ભાલ વિરાજત બાલશસિ. જય. ૧
વિભૂતિ ભુષણ શોભે સુંદર શ્વેતવર્ણું દીસે સારૂ,
સ્થીતિ નગ્ન ગજ ચર્મ બિરાજે લાગે મૃગચર્મજ પ્યારૂ. જય. ૨
કામદેવ હણનારા શિવજી હાસ્ય રસ ધારણ કર્તા,
રાજન કે રાજ માયા જીતનારા ભકતોનાં શંકટ હર્તા. જય. ૩
નમે છે રાક્ષસ પ્રેતો સર્વ વલી નમે મુનિઓ મોટા,
ભકતોનાં હિત કરનારા શિવ પ્યારા લાગે જલના લોટા જય. ૪
નવીન નરમસ્તક માલ ધારી, રીઝેલા રહો છો શિવસ્વામી,
ત્રીજા નેત્રે પાવકજવાલા લેઇ વિષપાન કર્યું બહુ નામી. જય. ૫
ભય લાગે તમ મહા મંત્રથી સ્વરવિદ્યા જાણો આપ,
સર્વદાસના પ્રિયતમ શંભુ ભકતોના હર્તા તાપ. જય. ૬
પ્રમહંસ કેરા વ્રતને ધારણ કરનારા અંતર્યામી,
છો અજ્ઞાન ભસ્મ કરનારા ધરૂં ધ્યાન તમ ગુણગ્રામી. જય. ૭
શેશ, સુરેશ, ગણેશ, વિરંચિય શેવા કરે છે તમ દ્વાર,
સુરનર કીન્નર સર્વે સેવે ભકતોપર રાખો પ્યાર. જય ૮
કર ત્રીસુળ વિરાજે ડમરૂ બાજે ભાલ વિશાળ ત્રિપુંડકરી,
ચિદાનંદ આનંદ કંદ તમ જાણુત જોગ અનેક વિધી. જય. ૯
આપે અવિનાશ કૈલાસવાસી સદા ઉપાશી પરમેશ્વર,
સકળ વિશ્વમાં વ્યાપ્ત તમે છો સત્ય પ્રભુજી જગદીશ્વર. જય. ૧૦
એવા હો શિવશંકર ભોળા આવી હ્રદય વાસો કરશો,
ધ્યાન ધરૂં.નિસ દિન તમારૂં સાહ્ય થઇ સંકટ હરશો: જય. ૧૧

મહિમ્ન સ્તોત્ર

કડવું. ૧

ગરબી. રાગ નરસિંહ મેતાના મામેરાનો.

પ્રથમ ગણુપતિ પાયે લાગું નમું સરસ્વતિ ચર્ણેરે,
આદ્ય પુરૂષનું ધ્યાન ધરીને રહુ શંકરને શરણેરે. ૧
બુદ્ધિ અપો કૃપા કરીને તમે સરસ્વતિ માયરે,
સાહય માગુ છું ગણેશ કેરી જેથી સંકટ જાયરે ૨
ભાવાર્થ કરૂ છું મહિમ્નનો શ્રવણુ કરો સહુ પ્રાણીરે,
પઠન કરો નિશદિન હૃદયમાં પુષ્પદંતની વાણીરે. ૩
હે શંકર! હે સદાશિવ, તમે છો ભોળા ત્રિપુરારરે,
આપના નિર્ગુણુ સ્વરૂપનો, મહિમા છે અપરંપારરે. ૪
તે મહિમાનો પાર ન જાણે, ભુમિના નર નારરે,
વર્ણવ તેનું અલ્પ બુદ્ધિથી કરૂ છું આણીવારરે. ૫
નિર્ગુણુ સ્વરૂપ છે જે આપનું, પરછે મન વાણીથીરે,
પુરૂષોએ જે કરેલી સ્તુતિ અધિક યોગ્યતા જાણીરે. ૬
મહિમા આપનો મન વાણીએ જણાય નહી લગારરે,
માનપુર્વક કરે કથન શ્રુતીઓ કરે કથન વદ ચારરે. ૭
સર્વે જનનીજ બુદ્ધિનુસારે સ્તુતિ આપની કર્તા રે,
નિર્દોષ સર્વે તે થકીજ છે પ્રભુ છો સંકટના હર્તારે. ૮
આ મહિમ્ન સ્તોત્ર વિષે, મમ પ્રયત્ન વિનિર્દોષરે,
મેહેર કરી હે પશુપતિ તમે, નવ કરશો જરી રોશરે. ૯
મહિમા આપનો અધિક જાણું કહેતાં નાવે પારરે,
બ્રહ્માવિષ્ણું અસુર સુર સહુ ભક્તિ કરે તુજ દ્વારરે ૧૦

કડવું ૨. લાવણ્ી.

છે શિવમહિમ્ન પઠન કરવાને સારૂં, શિવનામ હૃદય જપવાને લાગે પ્યારૂ ૧
તે સંક્ષેપે વર્ણન કરૂં છું અત્રે, આપે ભક્તિ મુક્તિ શંકર શિરછત્ર. ૨
શિવના મહિમાનો ગણતાં નાવે પાર, સર્વત્ર વ્યાપક છે શંકર ત્રિપુરાર. ૩
નેતિ નેતિ વાક્યથી પ્રતિપાદન, કરેછે સર્વે દેવતા આરાધન. ૪
ઋષિમુનિસુર અસુર ધ્યાન તુજ ધર્તા, વળી ચાર વેદને દેવો સ્તુતિ કર્તા. ૫
મહિમા વર્ણવાને નહીકો શક્તિવાન, બહુ ગુણઆપના આપો સહુને જ્ઞાન. ૬
સગુણ વસ્તુની યોગ્યતા જે કહેવાય, દર્શાવે ચિતથી મન બહુ હરખાય. ૭
માયિક સ્વરૂપ વિષે સર્વેનું મંન, પોહોચેછે મનવાણીથી કરે કથન. ૮
મધુર ગુણવડે વાણીયુક્તિ આપ, કલ્યાણકારી તમે હરો સહુના તાપ ૯
મમ સ્તુતિવડે સંતોષ ન થાઓ શિવરાય,સિદ્ધાંત જન્ય વેદાંત તણા કેહેવાય.૧૦
છે અતિ પરમ અમ્રતરૂપી સહુ તેહ,છે વાણી આપની મોક્ષદાયકછે જેહ. ૧૧
આશ્ચર્ય પામે સુરગુરૂ તણીજે વાણી,શી ગણતી? અસ્મદાદીક કહુ ચિત આણી.૧૨
મમબુદ્ધિનુસારે કરૂછ્ઉધમ સ્તુતિ કરવા,આપગુણ કથનેથાયવાણી પવિત્રદુ:ખહરવા૧૩

કડવું ૩ ગરબી (નાથ કેસે ગજકો બંધ છોડાયો એ રાગ.)

સદા શિવ શંકટ હર્તા દયાળુ.
વળી છે પ્રભુ પરમ કૃપાળુ. સદા શિવ. ટેક—
હે, શંકર! આરોપિત ઐશ્વર્ય વસ્તુ આપનું જે કહેવાય,
બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર તેના ગુણથી પ્રતીત જુદે જુદુ થાય. સદા. ૧
વળી એ ઐશ્વર્ય ત્રીલોકની ઉત્પતિને સ્થિતિ પ્રલય કરનાર,
બ્રહ્મા વિષ્ણુ તથા રૂદ્ર રૂપ છે. પ્રભુ સૃષ્ટિસૃ જનાર. સદા. ૨

મિમાંસાદિક મત્તવાળા જનો જડ બુદ્ધિવાળા કહેવાય,
નિંદા કરે આપના ઐશ્વર્યની લાગે પાપીને પ્રિય તે સદાય. સદા. ૩

આપના સર્વ જ્ઞાનાદિ ગુણયુક્ત ઐશ્વર્ય જે કેહેવાય,
સુદ્ધ મુમુક્ષુને અપ્રિય લાગે તે આપની જે નિંદાય. સદા. ૪

હે ધાતા ઇશ્વર ! ત્રિભુવનની તમે ઉત્પતિને જ કરો છો,
પણ તેઓને ઉત્પન્ન કરવાને ક્રિયા તે શી આચરો છો. સદા. ૫

કેવા પ્રકારની ક્રિયા અને કયા પ્રકારનો તે ઉપાય ?
જગતને ઉત્પન્ન કરવામાં નિમિત્ત, ઉપાદાન કારણ શું થાય. સદા. ૬

કુતર્કનું તાત્પર્ય એ છે ભક્તના ચિતને ભ્રમણા પમાડે,
આપ અચિંત્ય મહાત્મ્ય યુક્ત, આપ માયા સહુને રમાડે. સદા. ૭

હે અમરવર ? દેવોમાં તમે અતિ શ્રેષ્ટ છો જગદાધાર,
ભુર્ભુવાદિ સપ્તલોક આ સર્વે હોવા છતાં આ વાર. સદા. ૮

અજન્મા હશે એવી સંભાવના નથીરે થતી અહી જેને,
કારણ જે[1] સાવેવી ચીજ જે થાય છે જન્મ પણ ત્યાં તેને સદા. ૯

જેમ કુંભ સાવેવી વસ્તુ તેથી ઉત્પતિ તે માને છે,
આ જગત અધિષ્ટાન ઇશ્વરની, અપેક્ષા વીણ ઉત્પન્ન જાણે. સદા. ૧૦

ઇશ્વર સિવાય અવર કોઇ એક, અત્રે હશે જગકર્તા,
આ ભૂવનો ઉત્પન્ન કરવામાં, સામગ્રી શી ? એવું મન ધર્તા. સદા. ૧૧

આ રીતે મિમાંસાદિક મતવાળા, કરે સંદેહ અનેક પ્રકાર,
પણ આપ ઇશથી સમર્થ ન કોઇ, સંશય નથીરે લગાર. ૧૨

કડવું ૪. ગરબી. રાગ નરસિંહજીનો.

મોક્ષદાયક રે શિવ મહિમ્ન છે સારૂ પઠન કરવાથી લાગે પ્યારૂ.
કલ્યાણકારીરે, શિવભકિત છે સુખકારી, અંતે ઉતરશો ભવ પારી.

ઝુલ.

ત્રિવાકય વડે ત્રિવેદરે, સાંખ્ય વડે કપિલ મત્ત જેહરે.
યોગ વાકયે[૨] પાતાંજલિ એહરે, શૈવ શાસ્ત્રરે પશુપતિ વાકય જ ધારાઅંતે. ૧
વૈષ્ણવ વાકગેરે નારદ એ પંચ પ્રકાર, કરેલા એમ અંગિકાર
સકળ મત્ત વાદિરે; નિજ અહંકારે રેહેનાર, નિજ સિધાંત અધિકમાનનાર

ઝુલ.

ઇચ્છા પુરૂષોની અલગ વિચિત્રરે, જુદી જુદી માનવની રીતરે,
અલગ અલગ પંથમાં પ્રિતરે, જન સર્વત્રરે સ્તુતિ કરે છે સારી અંતે ૨
સરિતા સર્વેનાંરે, વેહેતાં જલકેંવાય, પ્રથમ માગે સાગરમાં જાય,
પ્રભુ તેમજરે અધિકાર ભેદથી આંય, ભક્તને સુખ કરો છો જ્યાં

ઝુલ.

મુમુક્ષુને પ્રાપ્ત થઇ આપરે, હરો શિવજી સહુના તાપરે,
ભક્ત કેરૂં સંકટ સહુ કાપરે, અંતર્યામિરે અંતરમાં રહો ત્રિપુરારી અંતે. ૩

૨. વૈશેષિક શાસ્ત્ર, ૧. અવયવસહિત.

કડવું ૫ ગરબી. શંકરની સામગ્રીનું વર્ણન—

મહિમ્નનો પાઠ ઉત્તમ કેહેવાયરે શિવ ત્રિપુરારી.
જેથી ભવનાં પ્રાયશ્ચિત પ્રલય થાયરે ગંગાધારી. ૧

દાતા ભોવરદ, આ ભય તણા જે થાયરે શિવ ત્રિપુરારી,
તે તંત્રો પકરણ નક્કી કેહેવાયરે ગંગાધારી. ૨

અલ્પ સામગ્રી આપની છે શિવ રાયરે શિવ, ત્રિપુરારી
પ્રથમ મહોક્ષ નદી ગણ મુખ્ય કેહેવાયરે. ગંગા. ૩

બીજું દંડ પરબ્રહ્મ કપાળજ કહીયેરે. શિવ.
ત્રીજુ પરશુ કુકાર, આયુદ્ધ કર ધરીયેરે; ગંગા. ૪
ગજચર્મ તે ચોથુ અજીન કેહેવાયરે. શિવ.
પાંચમી વન દગ્ધ કાષ્ટની ભસ્મ થાયરે. ગંગા. ૫
છઠાં ફણીધર સર્પાં ભુષણ સારાંરે. શિવ.
સાતમું નર મસ્તકમાં તુમ્બ છે ન્યારારે; ગંગા. ૬
તેથી અલ્પ વિભુતિ આપની આમરે શિવ.
ઋષિ મુનિઓ શેવા કરે છે તમામરે. ગંગા. ૭
સુરનર આપ કૃપાદ્રષ્ટિથી અપારરે. શિવ.
મહાન કરે ઋદ્ધિ ધારણ તે વારરે. ગંગા. ૮
વિષય રૂપી મૃગ તૃષ્ણાથી સહુકોયરે. શિવ.
આત્મારામ યોગી તે જે કંઇ હોયરે. ગંગા. ૯
બ્રહ્મ નિષ્ટાથી ચલાયમાન તે થાયરે. શિવ.
પ્રભુ આપના ગુણ સર્વત્ર ગવાયરે. ગંગા. ૧૦

માટે સર્વે યોગીઓમાં આ ઠામરે. શિવ.
શ્રેષ્ટ કર્યું પ્રતિપાદન શંકર નામરે. ગંગા. ૧૧
એ રીતે મિમાંસા મત્તનો સારરે. શિવ.
કરે છે તેઓ સંદેહ અનેક પ્રકારરે. ગંગા. ૧૨
પણુ નથી સંદેહ આપ વિષે જરાયરે. શિવ.
આપ પ્રભુ છો જગત પાળ શિવરાયરે. ગંગા. ૧૩
આપ સમર્થ દેવોના દેવ છો અત્રેરે. શિવ.
અવર નથી કોઈ દેવ સમર્થ સર્વત્રરે. ગંગા. ૧૪
ઇશ્વરના સ્વરૂપ વિષે આવારરે. શિવ.
વિવાદ કરૂં હું અત્રે જે નિર્ધારરે. ગંગા. ૧૫

પદ.—કડવું. ૬ રાગ મેનાવતી માતા એ રાગ.

શિવ મહિમ્નને પ્રાતસ્કાળે પઠનથી પ્રાયશ્ચિત જાય છે. ટેક.
શિવનું ધ્યાન ધરે જે ભાવે કૈલાસ વાસો થાય,
હરનું પુજન કરે જે દીલથી તેનાં સંકટ જાયરે. શિવ. ૧
પુરમથન, કોઈ સમય અવર કો મિમાંશકો કહેવાય,
આ સર્વ જગતને ધ્રવ નિત્ય માની મનમાં ખુશી થાયરે. શિવ. ૨
બોધ મત્તના અન્ય નાસ્તિકો જેના ઉરમાં જણાય,
આ જગ્ત અનિત્ય માને છે. તેઓ, દીલમાં તે હરખાયરે. શિવ. ૩
દીગંબરી નાસ્તિક આ જગને નિત્યા નિત્યમાને,
આકાશાદિક પંચ ભુત નિત્ય છે એવું પણુ તે માનેરે શિવ. ૪

ઘટ પટાદિ સર્વ પદાર્થો અનિત્ય માને છે તેહ,
એ રીતે મત્ત વાદી જનો સહુ જાણે છે ઉરમા જેહરે. શિવ. ૫

આ જગને ભિન્ન ભિન્ન પ્રકૃતિયુક્તમાને હમેશ.
ભટ ઔાધાદિક માફક અત્રે સ્તુતિ કરૂં પરમેશરે. શિવ. ૬

આશ્ચર્યથી પ્રમિત થવું અતિ મુર્ખતા તે કે'વાય,
લજ્જા પામું મન થકી ત્યાં નિશ્ચે થતાં ન થાયરે. શિવ. ૭

ચપળતા વાળા નરને લજ્જાની પ્રાપ્તિ કરે છે તેમ,
એવો મત્તવાદિ લોકોનો નિયમ કહયો છે જેમરે. શિવ. ૮

રાવણની ભકિત કથન શંકર ઐશ્વર્ય

કડવું ૭ ગરબી. રાગ પુનમ ચાંદનીનો–

મહિમા મહિમ્નનો શ્રવણ કરો પ્રાણી સહુરે,
જેથી ભવ જલ પાર ઉતારે શિવ દયાળ,
સર્વે પઠન કરો આ સ્તોત્ર મહિમ્ન પ્રેમથીરે.
સવ વ્યાપક શિવજી ભક્ત તણાં શંકટ હરેરે,
પ્રભુના ઐશ્વર્યનો જાણે નહી કોઇ ભેદ. સર્વે પઠન કરો૦

શાખી શિવના ઐશ્વર્ય તણો અંત લેવાને કાજ,
ગયા વિરંચી ગગનમાં પાતાળ વિષ્ણુ મહારાજ.

પરંતુ આપના અંતને પ્રાપ્ત થયા નહી બેઉ જણારે,
કારણ આપ પ્રભુ છો પવન પાવક સ્વરૂપ સર્વે. ૧

શાખી પવન તત્વ પર્યંત તે લિંગનું મસ્તક જાણુ,
કાળ પાવક પર્યંત છે લિંગનું મુળ પ્રમાણુ;
બ્રહ્માંડના નિવાશી બ્રહ્મદેવ જાણો સહુરે,
નિવાસી જલ તત્વના છે વિષ્ણુ ભગવાન સર્વે. ૨

શાખી. ઐશ્વર્ય જે આપનું, નહી જાણવા સમર્થ કોય,
આપ સ્વપ્રાગયમાન છો બ્રહ્મા વિષ્ણુ ઉર માંહય.
શ્રધા ભક્તિ વડે તુજ સ્તુતિ કરે બ્રહ્મા હરિરે,
આપની સેવા ફળની પ્રાપ્તિનેજ કરનાર. સર્વે. ૩

શાખી. હે ત્રિપુર હર, શિવજી, યુદ્ધની ઇચ્છા કાજ,
વીશ ભુજા ચળવળે સદા રાવણુ લંક મહારાજ,
તેને પ્રાપ્ત થયું ત્રિભુવનનું રાજ તુજ ભક્તિથીરે,
તેણે સેવા કરી તુજ અતીશય વેઠી કષ્ટ સર્વે ૪

શાખી. દશ મસ્તક નિજ છેદીને કમલની માફક તેહ,
બલીદાન તે આપતો આપને ચરણે એહ,
વિશેષ કરીને આપનું પુજન સર્વને સુખ કરેરે,
સકલ વસ્તુની અધિકતાની પ્રાપ્તી કરનાર. સર્વે. ૫

શાખી. લંકેશ આપની સમીપ તે વસ્તો હતો કૈલાશ,
પ્રાક્રમ વીશ ભુજા તણુ દર્શાવે થઇ ઉલ્લાશ.
ટકી શક્યો નહી તે પાતાળ આપના બળ થકીરે,
બળની પ્રાપ્તિ થઇ તુજ ભક્તિ વડે જ અપાર. સર્વે ૬

શાખી. ભાર આપ અંગુષ્ટનો મુકયો રાવણ શિરસિ.
પાતાળ વિશે લંકેશ ત્યાં જેથી રહયો ન વસિ.
દુષ્ટ જન મોહ પામે છે અવર ઐશ્વર્યને બહુ કરીરે.
દુષ્ટને ફળદાયક નવ થાય આપ કૃપાય. સર્વે ૭

કડવું ૮ લાવણી બાણાસુરનું પ્રાક્રમ.

શ્રવણ કરો શિવ મહીમાનો સાર તરશો ભવ સિંધુ થી પાર,
મોક્ષને પામો આ સંસાર શિવની જે ભક્તિ કરનાર. ટેક.

વરદાતા હે! પ્રભુ. ઇંદ્રની ઉત્કૃષ્ટ ઋદ્ધિ જેહ,
લેઇ ગયો પાતાળ વિષે બાણાસુર ભક્ત જ તેહ. શ્રવણ. ૧

આશ્ચર્ય તેમાં નથી જ કાંઇ ચરણ સેવા કરનાર,
પરમ ભક્ત તે હતો આપનો પુજા કરે તે અપાર. શ્રવણ ૨

માટે જે જન આપને વંદે ફળની પ્રાપ્તિજ થાય,
પ્રત્યક્ષ છે આપનુંજ પુજન, કરે નિત્ય સેવાય. શ્રવણ ૩

હે ત્રીનયન આપે કૃષ્ણ વર્ણના વિષનું પાન કર્યું જેહ,
તે વિષ કંઠને વિશે છતાં શોભો અતિશય પ્રભુ તેહ. શ્રવણ. ૪

*"અકાંડ સમય" છતાં બ્રહ્માંડનો નાશ દેખી સુર, અસુર,
ભયને પામી નાસવા લાગ્યા. હીમત ન રાખી ઉર. શ્રવણ. ૫

તેમજ સુર, અસુરના કલેશને. અસહન કરવા કાજ.
કૃપા કરી વિષ પાનજ કીધું સદા શિવ મહારાજ. શ્રવણ. ૬

---

*વખત નહિ છતાં.

સંસારી જનના સંસારી દુઃખને દુર કરો છો આપ,
વ્યસન જ એવું સદા આપને, હરો ભક્તના તાપ. શ્રવણુ ૭
હે ઇશ ! બાણરહિત જ છે જે, કામ દેવનુંબાણુ,
વસીભુત સર્વને કરે નર સુર, અસુરને પ્રમાણુ. શ્રવણુ ૮
અન્ય દેવ ઇંદ્રાદિક પેઠે કામદેવ તુજ સાથ,
લાગ્યો પરતવા હઠ કરીને થયો દહન હે નાથ. શ્રવણુ ૯
કામદેવનું તન થયું છે સ્મર્ણ જ માત્ર જ તેહ,
સર્વ થકી કનીષ્ટ થયો તે આપ પ્રતાપે તેહ. શ્રવણુ ૧૦
કારણુ તેનું જીતેંદ્રિજન પરાભવ પમાડતા થાય,
જીતેંદ્રિજનની નિંદાથી કલ્યાણુ ન થાય જરાય. શ્રવણુ ૧૧
ઇશ્વરનો અનાદર કરવો તે વિનાશકારક થાય,
સુખનો હેતુ નથી કદાય, જે કરે આપ નિંદાય. શ્રવણુ ૧૨

કડવું ૯ શંકર ઐશ્વર્ય વર્ણન.

ગરબી-રાગ-મામેરાનો ગગનગોળા ગડગડે એ રાગ.

મહિમ્નની કથાછે ઉત્તમશ્રવણુ કરો સહુ ભાવેરે,
મોક્ષ આપશે શ્રીત્રીપુરારી જન્મમર્ણુ ભવ નાવેરે. ૧
હે શંકર આ જગરક્ષણે દુષ્ટના નાશને સારૂરે,
ઊંચી નીચી ભુમિથવા લાગી નૃત્ય કર્યું તમે ન્યારૂરે. ૨
તેથી વિષ્ણુંપદ ભ્રમણુજ કરતું હતું ગગનની માંહરે,
નક્ષત્ર ગણુ નષ્ટ થયા ભુજા ફેરવીછે જ્યાંહયરે. ૩

થવા લાગ્યો શંશય તે વીષે કહુંછું સત્ય જ વાતરે
સ્વર્ગદ્વાર વ્યથાજ પામીયો હે શિવજી શાક્ષાતરે. ૪
જટા ફેરવી જેથી સ્વર્ગનું તાડિત થયુંછે પાસુંરે,
વિપરિત ઐશ્વર્યછે આપનું કહુંછું અત્રે ખાસુરે ૫
આપ ઇશની સ્વતંત્ર ઇચ્છા સર્વત્ર જણાયરે,
હવે શંકરના વિરાટસ્વરૂપનું કથનજ અત્રે થાયરે. ૬
જગદાધાર, આપ તન ઉપર જલપ્રવાહ મહાન થાયરે,
ઝીણી ફરફરની માફક તે વરસતોજ દેખાયરે. ૭
તેથકી વિરાટ સ્વરૂપનું, નથી પરિણામ તે આંહયરે,
જલપ્રવાહ ગગન વ્યાપકછે, સર્વ જગપર જ્યાંયરે. ૮
ઊડગણુ નક્ષત્રો સમુહમાં તે બુદબુદ છેજ સમાનરે,
ભાષ્ય થાયછે તેજ તણો સહુ ગોથાં ખાયછે રાનરે. ૯
જેમ નગર પાછળ ચૌતરફે, હોયછે ખાડી જેમરે,
જલપ્રવાહ લીધે ચોમેરે જગ આવર્ણછે તેમરે. ૧૦
આપ વિરાટ શરીર એ રીતે અનુમાને દર્સાયરે,
દિવ્ય આપનું વપુશરીર તે પ્રભાયુકતજ થાયરે ૧૧
હે દેવ, દહનસમય ત્રીપુરને થઇ ઇચ્છા તે જ્યારેરે,
વસુધારૂપીરથ, સારથી થયા વિરંચી ત્યારેરે. ૧૨
હીમાચલ પર્વતરૂપી તે થયા ધનુષની રૂપરે,
શશી રવી, રથનાં પૈડાં રથચરણ જલ અનુપરે. ૧૩
રથની પેંજણીઓ, ને વિષ્ણુરૂપી કર્યો ત્યાં બાણુરે,
બાલ, વર્ણ, શકિત, બુદ્ધિથી, યુકત તેજ તે જાણુરે. ૧૪

પરાધિનપણે ક્રીડા જ કર્તા જન નિશ્ચય કરીનેરે,
નિજશક્તિથી વિનોદ કરો છે સર્વત્રજ ઠરીનેરે ૧૫

કડવું ૧૦—ગરબી.

શંકરની વિષ્ણુએ પુજા કરેલી તે.

સુંદર મહિમ્નનોસાર શ્રવણ કરો ચિત્તથીરેલોલ,
આપે મોક્ષ સદા ત્રિપુરાર ભકતને ચિત્તથીરે લોલ. ૧
જન્મમરણથી થાશે મુક્ત તે આ સંસામાંરે લોલ;
એવો શંકરનો મહિમાય, રાખેનિજ ઠારમાંરે લોલ. ૨
હે શિવજી હરિએ આપના ચર્ણતણી પુજા કરીરે લોલ,
વિષ્ણુ શહસ્ત્ર કમલથી કર્તા પુજા એકચિત ધરીરે લોલ. ૩
થયુંછે અલ્પ કમળ ત્યાં એક કર્યો વિચાર અહીરે લોલ.
તુર્તજ નેત્ર કમળ નિજ ત્યાંહ હરિએ અર્પ્યું તહીરે લોલ. ૪
ત્યાંહી ક્ષણ ન લાગી વાર પુજા પ્રેમે કરીરે લોલ,
પ્રસન્ન થયા ત્યાં શિવમહેષ, વિચાર ઉરમાં ધરીરે લોલ. ૫
અવર, અવય અર્પણને જાણી ભક્તિ તમે અતિગણીરે લોલ,
સુદર્સણ ચક્ર આપ્યું તમે ત્યાંહ શ્રીહરિને, શિવધણીરે લોલ. ૬
સ્વર્ગ, મૃત્યુ, પાતાળ. જનોનું રક્ષણ તમે કરોરે લોલ,
ભાવે કરીને ભકિત કર્તા તેનાં કષ્ટજ હરોરે લોલ. ૭
શાયુજ મુકિત આપો તમે નાથ ત્રિકાળ પુજનથીરે લોલ,
ચિત્તથી ધ્યાંન ધરેજે જન પ્રસન્ન થાઓ ભજનથીરે લોલ. ૮

મહિમ્નસ્તોત્રથી કરે પુજન, તેનાં પ્રાયશ્ચિત જશેરે લોલ,
નિશદિન શિવમંત્ર જપવાથી, સુખીયો તે થશેરે લોલ. ૯

हरिस्तेसाहस्तं कमलबालिमा धायपदयो ।
यदेकोनेतस्मिाभिजमुदहरमेत्र कमलम् ॥

કડવું ૧૧-ગરબી. દક્ષ પ્રજાપતિનું વર્ણન.

સર્વ તજીને ભજીએ શ્રી માહાદેવને.
જેથી સર્વે પ્રાયશ્ચિત પ્રલય થાયજો;
હે શંકર સકામી જન કર્મજ વિશે,
દ્રડ વિશ્વાસે પ્રવર્તમાનજ થાયજો સર્વે. ૧

શ્રુતિ તથા વેદવાક્ય વડે પ્રાણીજ જેહ,
દ્રઢવિશ્વાશ રાખીને કરેછે કર્મજો;
વળી ફળદાતા ઋતુયજ્ઞમાં આપને,
જાણીને જે પ્રાણીકર્તા કર્મજો સર્વે. ૨

વિનષ્ટ કર્મજ ફળની પ્રાપ્તિ આપજ કરો,
શિવના આરાધન વિના સિદ્ધિ ન થાયજો;
પુરૂષોને નષ્ટકર્મ ફળની પ્રાપ્તિજે,
નહિ થાય તે આપ ભકિત શિવાયજો. સર્વે. ૩

હે શરણદાતા પ્રભુદક્ષ પ્રજા પતિ જે કહ્યો,
ક્રીયાકર્મમાં કુશળ હતો અપારજો;

આપ હતા યજમાનતે યજ્ઞજ કર્મમાં,
વશિષ્ટાદિક ઋષિ હતા[1] ઋત્વીજ તે વારજો. સર્વે. ૪

તેમજ ઇંદ્રાદિકદેવો સર્વેમળી,
વિરાજેલા દક્ષ પ્રજાપતીને ત્યાંય જો,
ઉત્તમસામગ્રી તે દક્ષ યજ્ઞતણી,
આપ ક્રોધથી નષ્ટ થઇ છે જ્યાંય જો. સર્વે. ૫

ફુળ સંપાદાન કરવાનું યજમાનને,
વ્યસનજછે આપને યજ્ઞની માંહયજો;
વીપર્યનો હેતુજે ત્યાંહી થાયછે,
યજમાનની શ્રદ્ધાવીના યજ્ઞ થાય જ્યાંયજો. સર્વે. ૬

હે ! જુનાથમૃગ સમાન આપનો વેગ છે,
પણ નવ મટતો આ વર્તમાનજ કાલજો;
પ્રજાનાથેલજીત થે મૃગતનને ધર્યું,
આપ કર, માંહી ધનુષ છતાં ભુપાળજો. સર્વે. ૭

બ્રહ્મદેવ આપની પુત્રીજે તેણીએ,
મૃગલનું તન કરી પલાયન થાયજો;
પ્રજાનાથે અતી કામથી વ્યાકુળ ત્યાં બની,
ત્વરાથી તેની પુંઠળ પુઠળ જાયજો. સર્વે. ૮

આપના ભયથી વિરંચી સ્વર્ગ નાશી ગયા,
તોપણ તેણીએ પુઠ ન તજી તે વારજો;

૧ કર્મ કરાવનાર.

આપે પણ તેનો પીછો છોડયો નહી,
મૃગ સીર નક્ષત્રે તારા જણાય અપારજો. સર્વે. ૯

કડવું-૧૨—ગરબી.

હુંતો નીચો પડીને નમસ્કાર મારાં ડુંગરવાળાં દેવીરે એરાગ.

કામદેવનું શિવ શ્રાપથી દહન થવું તે વિશે વર્ણન.

ભકિતકરો સર્વેશંકરની ભોળાશિવ અવિનાસીરે,
પરદુઃખ ભંજન દુષ્ટ નીકંદન ભોળા કૈલાસવાસીરે. ભકિત.

પુરમથનહે, કામદેવ તૃણની માફકતે જેહરે,
વિરહરૂપી ધનુષ્યને ધારણ કરી ઉભેલો તેહરે. ભકિત. ૧

શીઘ્ર દહન થયોતે ત્યહા, આપનુંજે અરધુ તનરે,
નિજ શરીરમાં વિદ્યમાનછે એમ જાણે સહુજનરે ભકિત. ૨

તે છતાં આપની સનમુખ આવી, પારવતિ ઉભાં ત્યાંજરે,
શ્વલાવણ્યનું અભિમાન કરતાં નિજ ઉરની માંહયરે. ભકિત. ૩

સ્ત્રી લંપટ આપને જાણે, એવી મુહજે સ્ત્રીની જાતરે,
નવ કરતાં વિચાર કંઇ ત્યાં ઊમીયાજી શાક્ષાતરે. ભકિત. ૪

આપ સ્મશાને ક્રીડા કરોછો હે સ્મરહર ત્રિપુરારરે,
આપની સંગે રહે પિસાચો, કહેતાં નાવે પારરે. ભકિત. ૫

વળી અંગે સ્મશાન ભસ્મને લેપન કર્તા અપારરે,
મનુષ્યના તુમ્બ્યાંની માળા, ધારણના કરનારરે ભકિત. ૬

આપની સામગ્રી સર્વ અમંગલ રૂપ વરદાય કરે,
તથાપી આપનું સ્મર્ણછે જન સર્વને સુખદાય કરે. ભક્તિ. ૭
આપ પરમ મંગળમય શિવજી ભક્તને છોજ દયાળરે,
જે હરદમ તુજ સ્તુતિ કરે શંકટ કાપોછો કૃપાળરે. ભક્તિ. ૮

કડવું. ૧૩—ઠુમરી.

તમે અહી રહો રામ રસીયા. એ રાગ.

સહુ સેવો શિવ ત્રિપુરાર છે પ્રાયશ્ચિતના હરનારરે. સહુ.
હે શિવ ! ચિત્તને વિષય તરફથી. રોકી સાધન કરનારરે, સહુ.
વળી આપમાં દીલ થકી, યોગ શાસ્ત્રથી અનુસરનારરે. સહુ.
આતઃપ્રાણુને અપાન વાયુનું, નીરોધન કરનારરે, સહુ.
તે હર્ષના આનંદને લીધે, ખડાં રૂઆંટાંજ થનારરે. સહુ.
જેના, જેના, નેત્રમાં જલ આવ્યું, આનંદ વડે તે વારરે, સહુ.
આપ સત ચીદાનંદ રૂપ યોગીને, યમી ઋદય ધરનારરે. સહુ.
સીતલ તલાવે જેમ ક્રીડા કરવાથી આનંદ થાય છે અપારરે.સહુ.
તેમ આપનું તત્વ અમૃત રૂપી, ધારે આનંદ પામનાર. સહુ.

શંકરના શણગાર; નામ, તથા ૐકરનું વર્ણન.

કડવું ૧૪ ગરબી.

આવો હરિ શિવ કર ભોળા. એ રાગ.

ભાવે ભક્તિ કરજો સદા શિવની ગતિ થાશે નકી આ જીવની. ભાવે. ટેક

શશી, રવી, પવન, પાવક, શિવ, હુતાસન, વ્યોમ ઉરવી જીવ.
સર્વે સાક્ષી રૂપ તમે શિવ ભાવે ભક્તિ કરજો. ૧

કહ્યું આપનુંરે સ્વરૂપ જેહ, બુદ્ધિશાળી પુરૂપ જાણે તેહ,
કથન કરે નિજ વાણીથી એહ. ભાવે ભક્તિ. ૨

આ જગમાં ન નિરખતો કોઇ ઠામ, પ્રથક વસ્તુ આપ વિના આમ,
ચૈતન્ય જડ સ્વરૂપ આપ નામ. ભાવે ભક્તિ. ૩

સ્તુતિ શિવ ૐકારમત્રે થાય, વ્યસ્ત ભિન્ન ૐકાર કહેવાય.
અકાર, ઉકાર, મકાર, ત્રી ઓળખાય. ભાવે ભક્તિ. ૪

ઋગ, યજુ, શામ, ત્રણે વેદ, ધારણ કરે સર્વે જાતી ભેદ,
ઉદાત, અનુદાત, સ્વરીત ભેદ. ભાવે ભક્તિ. ૫

સર્વે સ્વર વ્યંજન ધારણ કર્તા બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર જે દુઃખ હર્તા,
ત્રીલોક આ, ૐકાર ધારણ કર્તા. ભાવે ભક્તિ. ૬

આપ નામ શુક્ષ્મ તુરીયા જેહ, ધારામાં વ્યાપક ૐકાર તેહ,
સ્વરૂપ તુરીયાનું એવું છે એહ. ભાવે ભક્તિ. ૭

હ્રદયથી ને કંઠ સુધી જેહ, જાગ્રતઅવસ્થામાં રહે છે તેહ,
સ્વપ્ને તાલુ સુધી કંઠથી એહ. ભાવે ભક્તિ. ૮

તાલુથી લલાટ સુધી કહે છે, શુશુપ્તિ માંહી વળી તે રહે છે,
ઉંકાર સર્વે બીજ માંહી રહે છે. ભાવે ભક્તિ. ૯

લલાટથી કુંડળી સુધી વ્યાપી, શિવ તત્વ તુરીયા માંહી સ્થાપિ,
ખટ વિકારે પ્રથક તુરીયા વ્યાપી, ભાવે ભક્તિ. ૧૦

અભિધ્યાના ષ્ટકનાં આઠ નામ, ભિન્ન કરી કહે છે શ્રુતિઆમ,
વળી ચારે વેદ કહે આમ. ભાવે ભક્તિ. ૧૧

અષ્ટ નામને કહું છું જેહ, પ્રથમ ભવ, બીજુ સર્વ, તેહ,
ત્રીજુ. રૂદ્ર, નામ કહ્યું એહ. ભાવે ભક્તિ. ૧૨

ચોથુ પશુ પતિ, જે કહ્યુ નામ, ઉગ્ર, પાંચમુ કહ્યું આ ઠામ,
મહાન મહાદેવ છઠુ નામ. ભાવે ભક્તિ. ૧૩

સાતમું ભીમ, આઠમું ઇશાન સાર, કહે ગ્રંથ કર્તા આણીવાર;
તુરિયા સ્વરૂપને નમસ્કાર. ભાવે ભક્તિ. ૧૪

કડવું. ૧૫. રાગ વણુજારો.

સુંદર સ્તોત્ર મહિમ્ન સાર પઠન કરવાથી તરો ભવપાર. ટેક.

અંતરર્યામી મહાન સ્વરૂપ, નમસ્કાર કરૂ આપ રૂપરે,
કરૂ શુદ્ધ રૂપને નમસ્કાર, પઠન કરવાથી. તરો ભવપાર. ૧

સર્વે દષ્ટા દ્રસ્ય રૂપ આપ, સર્વે ચરાચરથી પરછો આપરે,
તરૂણુ શિવનું રૂપ અવિકાર. પઠન કરવાથી. ૨

હેતુ સૃષ્ટિ ઊત્પતિનો જેહ, સૃષ્ટિ સંહારણુનો હેતુ તેહરે,
રજોગુણુ યુક્ત અધિષ્ટાન સાર. પઠન કરવાથી. ૩

હેતુ સૃષ્ટિ પાલન કરવા આંહી, ધારણ સત્વગુણ કરવા જયાંહીરે,
કરૂ મુળ રૂપને નમસ્કાર. પઠન કરવાથી. ૪

અલ્પ પરિણામની સાથ, કલેસને વસ્ય છું પ્રાણ નાથરે,
જેમ થાય છે સ્વપ્ન વિચાર. પઠન કરવાથી. ૫

પરાધિન એ દુઃખથી રહું છું પ્રથમ ત્રીગુણ મર્યાદાથી કહું છુંરે,
આપનો મહિમા અધિક કીરતાર. પઠન કરવાથી. ૬

તેનો ભય નથી ગણુતો રીતે, આપ ભક્તિ નિર્ભય કરૂં ચિતેરે,
દુઃખ નવ રાખું દીલમાં લગાર. પઠન કરવાથી. ૭

વાકયરૂપી આ પુષ્પમાળ સાથ, આપ ચર્ણ વિશે અર્પું નાથરે,
દોકર જોડી કરૂ નમસ્કાર. પઠન કરવાથી. ૮

मालिनी वृत.

असित गिरि समंस्यात्कज्जलं सिंधुपात्रे ।
सुरतरुवरशाखा लेखनीपत्रमुर्वी ॥
लिखति यदिगृहीत्वा शारदासर्वकालं ।
तदपितवगुणानामीशपारंन याति ॥

કડવું. ૧૬ રાગ ઇંદર સભા.

મહિમ્નના મહિમા વિષે વર્ણન.

મહિમ્નના મહિમાનો કહેતાં નવ આવે પાર.
ભાવે શિવનું રટન કરેથી તરશો ભવ સંસાર. ૧
નીલગિરિ તુલ્યજ કાજળ બનીને સાગર તુલ્યજ પાત્ર,
સમાઇ રહે એટલી રૂશનાઇ લાવીએ આપણુ માત્ર. ૨
આ જગ પરનાં સર્વે દેવતાઇ, તરૂવર છેજ અપાર.
તેની શાખાની કલમ કરીએ, હેત થકી તે વાર. ૩
વસુધા પરના વૃષ્ટિ જેવડા કાગળમાં સહુ એહ,
લખનાર ચપળ છે સરસ્વતી, સર્વના કરતાં જેહ. ૪
સરસ્વતીજી લખ્યાં કરે તે સદાકાળ ત્રીપુરાર,
તો પણ આપના ગુણ તણો આવે નહી લખતાં પાર. ૫
બાણાસુરાદિક, અસુર, સુર, બ્રહ્માદિક દેવો જેહ,
મન્વાદિક નરેંદ્રો સર્વે કહીએ આપણે તેહ. ૬
જે ઇશ્વરના મસ્તક પરનો ચંદ્રમા કેહેવાય,
માયાની ઉપાધિ રહિત પોતે શિવ જણાય. ૭
ગુણનો મહિમા અતિ વિખ્યાત છતાં અન્વય કે'વાય,
વંશ પરંપરા ગોત્ર રહિત તથા નિર્ગુણ છેજ સદાય. ૮
તે ઇશ્વરનું અરચન પુજન કરે છે હરદમ તેહ,
મધુર પ્રેમાકાર તેની વૃતિથી સગુણ યુક્ત છે એહ. ૯

એવો હું આ પુસ્પદંત આચારી શિવનો ભક્ત,
આ મહિમ્નના સ્તોત્ર વડે હું સ્તુતિ કરૂં છું ફક્ત. ૧૦

કડવું. ૧૫. પદ રાગ કેરબો.

પ્રિતે ભક્તિ કરો ઉર સદા શિવ તણીરે,
સદા શિવતણીરે સાચો છે એ ધણીરે. પ્રિતે. ટેક.

સ્તુતિ શિવની દિવ્ય આત્માની પ્રાપ્તિને કરનાર,
તેથી સ્તોત્ર આ દિવ્યજ જાણો કહું છું આણીવાર. પ્રિતે. ૧

જે મનુષ્ય કર જોડીને મહિમ્નનો પાઠ કરનાર,
શંકરમાંચિત રાખીને વળી ધ્યાન તેનું ધરનાર. પ્રિતે. ૨

કિન્નરોએ સ્તવન કરેલા શિવની સમીપ એહ,
કૈલાશ વાશ કરે છે તે જન સત્ય કહું છું તેહ. પ્રિતે. ૩

વળી જે પુરૂપ મહિમ્નને પઠન કરે ધરી પ્યાર,
વશિષ્ટાદિ, દેવ, ઇદ્ર મુનિઓ પુજન તેનું કરનાર. પ્રિતે. ૪

સકામ ભાવે મહિમ્નનો કરશે પાઠજ જેહ,
તે પુરૂષ સ્વર્ગને પામશે જાણો ઉરમાં તેહ. પ્રિતે, ૫

નિસ્કામપણે જે પાઠ કરે જન મુકિત પદમાં જાય.
અંતઃકરણ શુદ્ધિ દ્વારાએ જ્ઞાન પ્રાપ્તિ ને થાય. પ્રિતે. ૬

માટે આ મહિમ્ન સ્તોત્રનું ફલ છેરે મહાન,
પઠન કરેથી મોક્ષ પામશે થાશે તેને જ્ઞાન. પ્રિતે. ૭

કડવું. ૧૬ પદ.

શંકર અલખ નિરંજન યોગીરે વિશ્વનાથ કીરતાર,
વિશ્વનાથ કીરતાર શંભુ તારે ભવ સંસાર શંકર. ટેક.

શંકર સમાન દેવ નહી નહી મંત્ર અઘોર સમાન,
બ્રહ્મદેવતા ગુરૂ સમાન કોઇ ગુરૂ નથી નિદાન. શંકર ૧

તેમજ આ મહિમ્ન તુલ્ય ઇશ્વરની સ્તુતિ નવ કોય,
ઉત્તમ ભક્તિ શિવની જાણો વ્યાપક સર્વે હોય. શંકર. ૨

દિક્ષા, કર્મ, ના નિયમ, દાન તપ તિર્થ યાત્રા કરાય,
કર્મ કાંડ યજ્ઞાદિક ક્રિયા, કરેથી જે ફળથાય. શંકર. ૩

તે સર્વે ફલનીજ પ્રાપ્તિ, તમને જે જે થાય.
ન પોહોચે તે મહિમ્ન સ્તોત્રની સોળમી જ કલાય. શંકર. ૪

આ મહિમ્ન શ્રી પુષ્પ દંતના મુખની વાણી કે'વાય,
આ ઉત્તમ સ્તોત્ર પઠન થકી સહુ પાપ નિવારણ થાય. શંકર. ૫

આ સ્તોત્ર પ્રભુ શિવ શંકરને પ્રિય છે અપરંપાર,
નિજ કંઠે જે દ્રઢ ચિત રાખી પઠન જે છે કરનાર. શંકર. ૬

તે પુરૂષ પર ભુત પતિ મહેશ પ્રસન્ન થઇ જાય,
શંકરની કૃપા દ્રષ્ટે બોધ મુમુક્ષુઓને થાય. શંકર. ૭

કડવું. ૧૭ માઢ.

શેવો શિવસ્વામી છે બહુનામી જગદીશ્વર કીરતાર,
શેવે જે ભાવે જન્મ ન આવે ભવથી ઉતારે પાર. ટેક.

પ્રાતઃકાળે ઉઠીને શિવની સ્તુતિ કરે જે અપાર,
પરમ ભક્તિ વડે પાઠજ કરશે જ્ઞાન તેને થનારરે,
ભોળો ભવ ભય હારી છે સુખકારી નિરંજન નિરાકાર. શેવો. ૧

ધન પુત્રાદિ સંમૃદ્ધી યુક્તજ થાશે તે જન તેવાર,
પુત્ર તથા કીર્તી માન થાશે દીર્ઘાયુશ થનારરે,
વિષધર નિલકંઠ ઉમા અરધંગ શિતિકંઠવિશ્વાધાર. શેવો. ૨

સકામી પુરૂષોનેજ સકળ ભોગોનો હે તું આ થાય,
આ મહિમ્નનો પાઠ કરેથી કૈવલ્ય પદમાં જાયરે,
વિશ્વેશ્વર જગતાત છે પ્રખ્યાત અજન્માને અવિકાર. શેવો. ૩

નિષ્કામી પુરૂષને અંતઃકર્ણની નક્કીજ સુદ્ધિ થાય,
જ્ઞાનની પ્રાપ્તિનેજ લીધે મોક્ષનો હેતું તે કહેવાયરે,
શિવ પર દુઃખ ભંજન આપે નિરંજન શિવજી છે ભવતાર શેવો. ૪

સવંત ૧૯૬૭ સાલે કીધો મહિમ્ન સાર,
શીખી સુણીને પઠન કરીને ગાસે જે નરને નારરે.
જગદીશ્વર ઈશ્વિર શ્રી પરમેશ્વર ઉતારશે ભવ પાર. શેવો. ૫

સ્રગધરા.

શાંતી રૂપે વિરાજો શુભ વરદ વિભુ સ્વામિ વિશ્વાધિ ભૂપ,
સત્તા સર્વત્ર ધારો, સકલ સુખકરો સર્વના સાક્ષિ રૂપ;
ભક્તોનું શ્રેયકર્તા ભવ ભય હર્તા ભક્તિ માર્ગે જણાઓ,
એવા કારૂણ્ય મુર્તિ શિવપદ નમિને નિત્ય માગુ કૃપાઓ.

કડવું ૧૮. ગરબી.

આવોને શ્રી ગિરિધારી—એ રાગ.

મોક્ષદાયક ત્રિપુરારી, સદા શિવ મોક્ષદાયક ત્રિપુરારી;
ભક્તિ કરો ચિત્ત ધારી સદા શિવ. ટેક.
પવીત્રતાના હેતુ યુકતનું, સ્તોત્ર આ છે સુખકારી. સદા. ૧
પુર્ણ કર્યું છે પ્રેમ કરીને પુષ્પ દંતનું કથન હિતકારી. સદા. ૨
પુષ્પ દંત ગધર્વ કથાય, પઠન કરો જ અપારી. સદા. ૩
શંકર દ્વારે પઠન કરેથી, ઊતરશો ભવ પારી. સદા. ૪
આ સ્તોત્ર તુલ્ય અવર ન કોઇ, સ્તોત્ર નથી પ્રિય કારી, સદા. ૫
તેથી આ શકત થાય મન સર્વેનું, સ્તોત્ર વિશે અપારી. સદા. ૬
આ સ્તોત્રમાં ઇશ્વરનુંજ વર્ણન, કીધું છે અતિ વિસ્તારી. સદા. ૭
ઇશ્વરના ગુણ કથન સમીપે, વ્યર્થ અન્ય ચતુરાઇ સારી. સદા. ૮
ચાળીશ શ્લોક શિવ મહિમ્નના સ્તુતિ કરી છે સારી. સદા. ૯
કર જોડી સોમેશ્વર કહે છે, શિવ સેવો નરનારી. સદા. ૧૦

લાવણી. સ્તુતિ.

જપો શિવ નામ સત્ય સાચુ, આ દુનિઆનું સુખ સર્વેને અંતે
કાચું. જપો. ટેક.
રટન કરો શિવ નામ સદા તમે ભવ દુઃખ સહુ ભાગે,
શિવ પુજન, દર્શન, શંભુને અતિશય પ્રિય લાગે જપો. ૧
સંકટ હરશિવરાય અને તારક છે સહુ પ્રાણી,
ત્રિગુણાત્મક, ત્રૈલોકયનાથ શંકર છે શુલ પાણી. જપો.

શ્રોતા, વક્તા, સર્વે સમજતા, શુકવિ સર્વ જન,
કરી કૃપા આ કવિતા તણોજ દોષ ન ધરશો મન. જપો. ૨

સુંદર છે આ ગ્રંથ વાંચશો સહુકો ભાવ કરી,
મળશે મુક્તિ ધામ, જન્મ નહી આવે અત્રે ફરી. જપો. ૪

કરજોડી સોમેશ્વર કહે છે શિવને કર પ્રસરી,
આપો મુક્તિ ધામ કહું મસ્તક તમ ચર્ણે ધરી. જપો ૫

वसंततिलका

श्रीपुष्पदंत मुखपंकजनिर्गतेन ।
स्तोत्रेणाकिल्विष हरेणहरप्रियेण ॥
कंठास्थिते न पठिते न समाहिते न ।
सुप्रीणितो भवाति भूतपतिर्महेश ॥ ३९ ॥
इत्येषावाङ्मयो पूजा श्रीमच्छंकरपादयोः
अर्पितातेनमेदेवः प्रीयतां च सदाशिवः ॥४०॥

આરતી.

જયદેવ જયદેવ જય મંગલ દાતા જય મંગલ દાતા,
વિશ્વતણા વિભુધાતા (૨) ભક્ત જન ત્રાતા જયદેવ. ૧

સ્વયંભૂ વિભૂ આપ, ત્રિભૂવનમાં વ્યાપો. (૨)
સુખ સંતોષો આપી (૨) કિલ્વિશ સહુ કાપો. જયદેવ. ૨

કરૂણા સિંધુ કૃપાળ, ત્રિભુવનના સ્વામી. (૨)
સર્વજ્ઞાંતર્યામી, (૨) સચરાચર ગામી. જયદેવ. ૩

અભિવંદન ભગવંત, કરૂં નિશ દિન તમને (૨)
કૃપા કરીને આપો (૨) શિવ સન્મતિ અમને. જયદેવ. ૪

તત્ સત્ બ્રહ્મ મહેશ, મુક્તિતણા દાતા. (૨)
વ્યાપિ રહો સત્તાથી (૨) વિભુ સવિતા ધાતા. જયદેવ. ૫

સકલ વિશ્વમાં વ્યાપ્ત. પ્રભુ સત્તા ભાસે (૨)
સુંદર નિયમો નિરખી [૨) ચિત નિત્ય ઉલ્લાસે, જયદેવ. ૬

શિવનો પાર અપાર ઋષિ મુનિ નવ પામ્યા, (૨)
સ્તુતિ ગુણુ ગાઇ તમારી, મનથકિ વિરામ્યા. જયદેવ. ૭

સ્થિર ચર વ્યાપ્ત મહેશ. મંગલ શુભકારી, (૨)
ભવ પતિ ભક્ત જનોના, ભય સંકટ હારી. જયદેવ. ૮

ગીતિ.

સર્વત્ર વ્યાપક શિવજી, જ્ઞાન દૃષ્ટિથી જુઓ તમે ન્યાળી
સર્વ જગત શિવમય છે, વેદ પુરાણુમાં સર્વે જુઓ ભાળી.

॥ तत्तब्देरंतुदेवानां तत्तद्भोगप्रदंशुभं ॥
॥ शिवस्यालिंगबेरत्वं भोग मोक्षप्रदं शुभम् ॥

સમાપ્ત.

ભાગ બીજો

સંગીત-શંકરવિવાહ.



ભાગ ૨ જો.



સંગીત શંકર વિવાહ.

વળતી ઋષિએ માંડી વાત રે—એ રાગ.

પ્રથમ ગણુપતિ પાયે લાગું રે, સરસ્વતિની સાહયતા માગું રે,
શંકર ચરણે હું શીશ નમાવી રે, વિવાહ શિવનો કહું ચિત્ત લાવી રે.
પરણ્યા શી રીતે શિવ ત્રિપુરાર રે, વર્ણુન તેનું કહું આવાર રે,
ચિત્ત રાખી શ્રવણુ કરો ભાવે રે, જેથી જન્મ મર્ણુ ભવ નાવે રે.

કડવું ૨.

આદ્યપુરૂષ જગદીશને પાયે લાગું રે, શિવજી કેરી હું ભક્તિ માગું રે;
સર્વેથકી મોહોટાં છે સારદા માયરે, કહેવાય વિરંચી તણી તનયાયરે.
અકલીતરૂપ અનુપમ સોહીએરે, તેની તો વાણી સુણી મન મોહીએ રે;
એમના તો ચર્ણુ તણો મહિમાયરે, વર્ણુન શિવનું કોઇ થકી નવ થાયરે.

આદ્યશક્તિ ઉમિયાજી સાક્ષાતરે, દક્ષ પ્રજાપતિને ઘેર પ્રખ્યાત રે;
દક્ષરાયે યજ્ઞ આરંભ્યો ત્યાંહીરે, મુખે વેદોચ્ચાર કરે વળી જ્યાંહી રે.
પાર્વતીએ પિતાના સામુ જોયું રે, તાતે વિચારીને મન નહી મોહ્યું રે;
ચિત્ત વિષે વિચાર ઉમાએ ધરીયોરે, મન દ્રઢ કરીને દેહ ત્યાગ કરીયો રે.
હિમાચળ ગિરિને ઘેર ધર્યા દેહ રે, ત્યાંહી નામ પડયું પાર્વતી જેહ રે;
પ્રિતે ત્યાંહી પ્રગટયાં ઉમિયાં શક્તિ રે, ઉરમાંહી કરે છે શિવની ભક્તિ રે.

કડવું ૭.

પ્રગટયાં પાર્વતી રે પ્રિતે હિમ સુતા જે કાહાવે,
મનમાં મોહ ધરી રે, નીજ પિતાજી લાડ લડાવે.
એ છે જગદંબા રે, આદ્યશક્તિ સર્વે કહીએ.
એના દાસ તણી રે, તેના ચર્ણુ તણી રજ લેઇએ.
વર્ણવ શું કહીએ રે, તે આ ત્રિલોકમાં કંઇ નાવે,
શોભા સહુ સારી રે, એ તો આદ્યશક્તિજી કા'વે.
વર્ષો સાત થયાં રે, શક્તિ સહીયર સાથે બોલે,
વર શિવજી વરવા રે, કોઇ ન આવે શિવને તોલે,
એની તપ કરીએ રે, તેણે મલશે શિવજી રાય,
શિવને ઉપાસો રે, જેથી કાર્ય સકળ સિદ્ધ થાય.

કડવું ૪.

ત્યારે સહીયર બોલી વાણું રે એ બેહેની રે
આપણે તપ કરવાની વાત તું નવ કહેની રે.
આ તું બોલી ખોટા બોલ્ તુજને કહીએ રે,
બાઇ એવી તમારી ટેવ પાસે નવ રહીએ.
કંઇ માત, તાતની લાજ મનમાં નવ ધરીએ,
બાઇ એવી ખોટી વાત મુખડે નવ કરીએ.
ત્યારે તત્ક્ષણુ બોલ્યાં વાણુ પ્રીતે પાર્વતી,
મારે એ વરથી સંસાર સત્ય જાણું છું અતી.
એવી સામાસામી વાત સખીઓમાંજ થઇ,
શિવશક્તિનો મહિમાય કહું શિવ નામ લેઇ.

કડવું ૫.

વચન સુણીને રે, માત તાતની પાસે આવે,
માતા પ્રિત કરી રે પોતે હેતે હસીને બોલાવે,
આજ્ઞા આપોને રે, અમે તપ કરવા કાજે જઇએ,
માતા બોલ્યાંવાણી રે એની આમ મુખે નવ કહીએ.
છો લઘુ વયમાં રે છો તમ પુત્રી પ્યારાં મારાં
મમ દૃષ્ટેથી રે નવ હું રાખું તમને ન્યારાં.
સમજણુ નહિ તમને રે તપની વાત તમે શું જાણો,
કઠણુ છે કાર્ય રે, તપનું ઉર વિષે તમે આણો.

કડવું ૬.

ત્યારે હિમાચળ બોલ્યા વાણુ રે ઓ બેહેની રે,
આપણે તપ કરવાની વાત મુજને કહેની રે.
ઘેર બેઠાં ધ્યાન તમે ધરો ઓ બેહેની રે,
અવિનાશી મળશે આજ મુજને કહેની રે.
યોગ માર્ગ નવ જાણીએ ઓ બેહેની રે,
તને વર્ષ થયાં છે સાત મુજને કહેની રે.
એવા તાત શબ્દ મુખ ઉચરે ઓ બહેની રે.
કરો ભક્તિ ચિત્તથી ઓળ્ય મુજને કહેની રે.

કડવું ૭.

આજ્ઞા માગીનેરે ઇચ્છાતપ કરવાની કીધી,
સહિયર છે સાથે રે જેવી જીભ્યા સાથે લીધી.
શણગાર ઉતાર્યા રે પેહેર્યાં વનકુલ સહુ ખાંધે,
સહિયરની સાથે રે આવ્યાં ગંગા કેરા કાંઠે.
તપ ત્યાં આરંભ્યું રે મનડું રાખ્યું છે એક સ્થિર,
દૃઢ આસન રાખી રે બિરાજ્યાં રાખીને મન ધીર.
અંજલી બે મુકી રે લાગી શિવજી કેરી તાલી,
આવ્યો હું નાલો રે તપ બહુ કરતાં ઉમા દયાલી.
નેત્ર રવી સામુ રે એમ અવિનાશી આરાધે,
જપે માલા શિવની રે, મુખડે અવર કંઇ નવ સાધે.

તપ પુર્ણ કીધું રે તેણે ત્રણ લોક સહુ ડોલે,
આવ્યા અવિનાશિ રે શંકર મુખથી કંઇ નવ બોલે.

આશ્રમ જે આવ્યો રે, સેવક કહે હું જાઉં બલિહારી.
જાણે કોઇ નહી રે, ગતિ શંકરની છે બહુ ન્યારી.

કડવું ૮ રાગ મામેરાનો.

ઉડયા આશ્રમથી ત્રિપુરાર રે, આવ્યા હેત કરી તેણી વાર રે;
અતિ આનંદ કરવા કાજ રે, પધાર્યા છે શિવ મહારાજ રે;
શિવ આવ્યા ત્યાં વિપ્રના વેશ રે, મુર્તિ આનંદકારી બેસ રે,
પ્રિતે પાર્વતી ઉડયાં તે વાર રે જાણ્યું અભ્યાગત આવ્યો દ્વાર રે
અર્ધ્ય પાદ્ય પુજા કરી ત્યાંહ્ય રે, ધર્યાં નૈવેદ્ય પ્રેમથી જ્યાંહ્ય રે:
કર્પુર આરતી કરી પ્રીત આણી રે, પાય લાગ્યાં પાર્વતી રાણીરે;
ત્યારે શંભુજી વદતા તે વાર રે, તપ કરો કોને કાજે અપાર રે;
વળતી પાર્વતી બોલ્યાં તે ઠામ રે, મને શિવ વરવાની હામ રે;
તુર્ત શંકર બોલ્યાં ત્યાંહી રે, શું બોલો છો ઉમા તમે આંહી રે;
તમે કોમળરૂપ ઘણું સારૂં રે, શિવનું સ્વરૂપ છે સર્વેથી ન્યારૂં રે;
તે તો યોગીનો છે અવતાર રે, કરમાં ડમરૂં ત્રિશુલ ધરનાર રે,
ઓઢવા વાઘંબર લાગે પ્યારૂં રે, ગજ ચર્મ અંગે રળીયારૂં રે;
તેની કોટે મસ્તક નીમાળા રે, વળી ભોરંગ લટકે કાળા રે;
એ તો ભસ્મ ધરી બેસી રેહે છે રે, એને દીગંબર સર્વે કહે છેરે,
તેનો જંન્મં તે જાણે ન કોઇ રે, તેને શું તમે રહ્યાં છો મોઇ રે,

દ્રવ્ય પાસ નહી રે લગાર રે, સદા જંગલમાં ફરનાર રે,
નથી વિદ્યા કલાદિક ગુણ રે, કોઇ વાતમાં નથી તે નિપુણ રે,
વાહન વૃષભ તણું તેને સોહીયેરે, તેવા વરને કેમ કરી મોહીયે રે,
છે સ્મશાનમાં તેનો વાસ રે, ભુત વિના કોઇ નહી પાસ રે,
માનવ અનાદરથી રહે વન રે, નિરંતર વિરાગી કહે જન રે;
જટા જુટ શિવ ત્રિપુરાર રે, તમે શું શોધો ભરથાર રે;
હાલ છે ઇન્દ્ર સરખા દેવ રે, બ્રહ્મા વિષ્ણુ કરે સહુ સેવ રે;
બીજા દેવ અનેક છે સારા રે, દ્રવ્યથી અતી છે સુખીઆરા રે,
શુભ કાર્ય કરીએ વિચારી રે હું તો કહું તમને ચિત્ત ધારી રે;
ક્રોધ કરી ઉઠયાં ઉમા તે વાર રે, સખી કાહાડી મુક તેને બહાર રે;
એણે અધિક નિંદા કરી આંહી રે, મુખ જોવું નહી તેનું કયાંહી રે;
જે કોઇ શિવની કરે નિંદાય રે, તેનું વદન જોવું ન કદાય રે;
કહાડો મુક સખી બ્રહ્મચારી, એ તો વદતો અંહી અવિચારી રે;
પાર્વતી બોલ્યાં ક્રોધ કરીને રે, બેઠયાં ભવનમાં પાછાં ફરીને રે;
શિવરૂપ ધર્યું તતકાળ રે, પ્રકટ થયા શંકર પ્રતિપાળ રે;
કહે માગ માગ મુખે આંહી રે, મુખથી જે માગું તે આપું જ્યાંહી રે;
તમે તપ કર્યું અત્રે અપાર રે જે માગું તે આપું આણી વાર રે;
પ્રિતે પાર્વતી બોલ્યાં તે વાર રે, તમે થાઓ ભોળા મમ ભરથાર રે,
માગું મનવાંચ્છિત ફળ અવિનાશી રે, સ્વામિ થાઉ અર્ધાગના દાસીરે,
રહું આપના ચર્ણની પાસ રે, શિવ પુર્ણ કરો મારી આશ રે;
ઉમિયાને મલ્યા શિવ કીરતાર રે, કોડ પુર્યા તેના તેણીવાર રે;

વર આપ્યો અસ્તુ કહી ત્યાંહ્ય રે; ગયા શિવજી કૈલાસમાં જ્યાંહ્ય રે;
જે કોઇ ગાય શીખે નરનાર રે, તેને ઉતારે શિવ ભવપાર રે.

કડવું ૯. ગરબી.

ત્યારે સહાંજ સમાધી પોતે ધરી, ધર્યું સપ્તઋષિનું ધ્યાન;
સપ્ત ઋષિ આવીયા.

સ્વામિ પ્રેમ પવીત્ર છે સાધવી તેનું અરૂંધતી છે નામ તેને સાથે લાવીયા.
ઋષિ બ્રહ્મસદનથી પધારીયા, જાણે બીજનો ઉગ્યો છે ભાણ. સપ્ત ઋષિ.
તેણે ઉજવલ આભૂષણ અંગે ધર્યાં, શું વર્ણવું જીભ્યાએ એહ. સપ્ત ઋષિ.
તેણે ઉપવિત અંગે ધર્યા, મુખે વદતા ત્યાં ચારે વેદ. સપ્ત ઋષિ.
ત્યારે અંતરિક્ષ દીઠયા આવતા ત્યાં શિવ કરે છે વિવેક. સપ્ત ઋષિ.
ત્યાં અર્ધ્યપાદ્ય પૂજા કરી, પછે શિવે કર્યો સાષ્ટાંગ. સપ્ત ઋષિ.
ત્યારે સપ્તઋષિ ત્યાં બોલીયા સ્વામિ અમ સરખું શું કાજ. સપ્ત ઋષિ.
ત્યારે શિવ શબ્દ મુખથી કહે છે સર્વે શ્રવણ કરે તેણીવાર—સપ્ત ઋષિ.

કડવું ૧૦. ગરબી.

શંકર બોલ્યા રે વાણી, કેવળ બ્રહ્મઋષિ તે જાણી.
હું તો તમને રે કહું છું, તમ ઋષિઓના આધિન રહું છું.
તમે છો સર્વે રે સારા, શિરપર ઇદ્ર રહે છે ન્યારા.
હોંશ ધરીને રે આવે, પ્રીતે દેવ સહુ બોલાવે,

મુખથી દેવો રે કહે છે શંકર સાંભળવાને રહે છે.
સુણીએ પિનાકરે પાણી, મુખથી કહીએ અમારી વાણી,
દૈત્ય દમે છે રે અમને, માટે અર્જ આ કરીએ તમને,
પુત્ર તમારો રે થાય, તે તો સહુને કરશે સહાય
પાણી ગ્રહણુરે કીજે, જેથી ચિત્ત અમારૂ રીઝે,
શિવજી બોલ્યા રે વાણી, તમે કહ્યું તે વાત પ્રમાણી.
શુભ આ કરવું રે કાજ, સુણીએ સપ્તઋષિ મહારાજ,
જ્યાં હિમાચલ રે રાય, વિવાહ કરવાથી ખુશ થાય.
જઇને માગું રે કહેજો, જેમ તેમ કરીને વિવાહ કરજો.
શિવજી બોલ્યા રે જ્યારે, હર્ષ વાધ્યો ઋષિઓને ત્યારે.
સપ્તઋષિયે રે જ્યાંહી હુકમ ઉઠાવ્યો તુર્તજ ત્યાંહી.
પ્રીત કરીને રે જાય, શિવના દાસ સહુ હરખાય.

કડવું ૧૧. ગરબી.

સપ્તઋષિની સાથે નાર, અરૂંધતી વાશિષ્ટિ પધારીયો.
પુર્ણ પ્રીતે રે પરવર્યા શોભા ફુલી છે વનમાંહ્ય. અરૂંધતી.
ફુલી જાઈ જુઇ ને કેતકી, ચંપો, ચંબેલી ગુલાબ અરૂંધતી.
ફરતી ફુલી રે ગુલદાવડી, તેહની શોભાનો નહી પાર અરૂંધતી.
ચારે દિશાએ રંગ કેવડો, મનગમતો બેહેકે ગુલદાવ અરૂંધતી.
વાડી વનસ્પતિ સોહામણી, તેમાં બોલે ચતુર મોર અરૂંધતી.
કોયલડીરે ટઉકા કરે, શોર કરે ત્યાં હંસ ચકોર. અરૂંધતી.
એવું બનતાં અંતરિક્ષ આવીયા જ્યારે હિમાચળને ઘેર અરૂંધતી.

નાતમ નગરીની શોભા શી કહું, તેનું તેજ પુર્ણ પ્રકાશ અરૂંધતી.
સુંદર શેરીયો સોહામણી, મંદીર દીસે ઝાક ઝમાળ અરૂંધતી.
ઘેરઘેર નારી નવલા રંગની, મુખડે બોલે મંગળ ચાર અરૂંધતી.
સુર્ય કાન્તિ સોહામણી ચળકે ચંદ્ર તિલક ચમકાર અરૂંધતી.
ઘેરઘેર સ્ફાટીક મણી શોભતા, મોતી તોરણ બાંધ્યાં દ્વાર અરૂંધતી
એવી શોભા જોતા આવીયા, વિસ્મય પામ્યાં નર ને નાર અરૂંધતી
જાણ્યું સાત સુર્ય પધારીયા કૃપા કરી શ્રી હરિ મહરાજ અરૂંધતી.
એવા હર્ષભેર આવ્યા સહું જયારે હિમાચળને ઘેર અરૂંધતી.
પૂજા સામગ્રી સર્વે કરી, શિવના દાસને મન ઉલ્લાસ. અરૂંધતી.

કડવું ૧૨.

હિમાચળને ઘેર ઋષિરાય. કૃપા કરીને પધારીયા રે,
પ્રીતેથી પાયે લાગીયા રે, નરનારી થયાં ઉલ્લાસ ઋષિરાય
પછે અર્ધ્યપાદ્ય પૂજા કરી રે ત્યાંહી મલીયા અંગો અંગ ઋષિરાય.
ત્યાં હિમાચળ હેતે વધારે સ્વામિ મુજ સરખું શું કાજ ઋષિરાય.
આજ કૃતાર્થ મુજને કર્યો રે આજે સર્યાં છે સર્વે કાજ ઋષિરાય.
ત્યારે વદતા સપ્તઋષિ તે સમે રે, રાય તમ ઘેર છે કન્યાય ઋષિ.
ત્યાં શિવ ત્રિલોકીનો નાથ છે રે તેને ઘેર કરોને વિવાહ. ઋષિરાય.
ત્યારે હિમાચળ હેતે વધારે સ્વામી મેં આપી કંન્યાય ઋષિરાય.
ઋષિ પત્નિને પિતા ત્યાં આવીયારે, ત્યાંહ્ય મળીયા અન્યોઅન્ય ઋષિરાય.
પાર્વતીને પીઠી ચડી રે, ત્યાંહી હર્ષ વધ્યો તત્કાળ. ઋષિરાય.
મુહૂર્ત લીધું મહા ઋષિએ રે, રહ્યા લગ્ન વચ્ચે દિન ચાર ઋષિ.
પેરામણી કરી પ્રીત શું રે, પછે ઋષિ કર્યા વિદાય . ઋષિરાય.
સપ્તઋષિં શિવને મળ્યા રે, કહ્યા માંડીને સમાચાર ઋષિરાય.

કડવું ૧૩.

શપ્ત ઋષિએ માગી શિવની આજ્ઞા, તત્ક્ષણ ચાલ્યા બ્રહ્મસદન મહારાજજો;
વળી કહ્યું તે કૃપા કરીને પધારજો, જન સંગાથે કરવાને શુભ કાજજો;સપ્ત ૧
શપ્તઋષિ તે બ્રહ્મસદન પધારિયા, વિવાહ કારણ વ્યાકુળ શિવનું મનજો;
શિવજીએ નારદનું સ્મર્ણ ત્યાં કર્યું, નારદ છે કંઇ શંકર કેરૂ મનજો;શપ્ત.૨
અંતરિક્ષમાર્ગથી ઋષિરાય આવતા, જંત્ર વગાડતાને કર્તા હરિનુંભજનજો;
આનંદ વાધ્યો છે ઘણો અંગમાં, જ્યારે થયું છે શંકરનું દર્શનજો; શપ્ત ૩.
કૃતાર્થ કીધોરે સ્વામી મુજને, મુજ સરખું તે અહીંયા શું છે કાજજો;
ઋષિવચન સુણીને શિવજી બોલીયા,કરવું છે વિવાહનું કાર્ય જ આજજો સપ્ત ૪
લગનસમે તમે લેઇ જાઓ કંકોતરી, સર્વેને તેડી લાવો, ગિરિ કૈલાશજો;
શિવનું વચન સુણી ચાલ્યા નારદ મુનિ, મન વેગે તે ચાલ્યા બ્રહ્મા વાસજો; શપ્ત ૫.
બ્રહ્મસદનથી તેડયા સર્વે દેવતા, બ્રહ્મલોકથી ઇંદ્રલોક તત્કાળજો;
ઇંદ્રલોકથી આવ્યા સર્વે દેવતા, સાત સમુદ્રને આવ્યા દશ દીગપાળજો શપ્ત૬
ચારણ ગંધર્વ આવ્યા સર્વે મળી, નવશેનવાણું નદીઓને ગંગાયજો;
જેજે શિવે કહ્યું તે તેડયા સર્વેને, દેવઋષિ કૈલાશ આવી હરખાયજો. શપ્ત ૭
વિવાહનો આરંભ માંડયો બહુ હેતથી, જાનૈયા તૈયાર થયા તે વારરે,
જાન લેઇને પધાર્યા શંકર પ્રિતથી,સર્વે આવ્યા હિમાચળને દ્વારજો. શપ્ત ૮.

ગરબી.

શિવની સાથે તેત્રીશ કોટિ સહુ દેવો આવ્યા હોહો:રે.
સાથે ઋષિ મુનિ ભકતને સર્વેને લાવ્યા હોહોરે.
હરવર નટવર સુરનર સહુ ઉમંગે જાય હોહોરે.
નિહાળવા શંકરને આતુર સર્વે થાય હોહોરે.
સુંદર નારી પ્રેમથી મધુર ગીત ગાય હોહોરે.
હિમાચળ ભવનમાં આનંદ વરતાયરે. હોહોરે.

કડવું ૨૪. ગરબી.

(રણુછોડજીરાય પરણુવા સધાર્યારે—એ રાગ)

હિમગિરિ દ્વાર આવ્યા ત્રીપુરારીરે, સાથે છે ઋષિને દેવ મુરારીરે;
મંગળ ગીતો સહુ જન ગાયરે, નિત્ય નિત્ય આનંદકારી ત્યાં થાયરે.

શિવજી છે નંદી અસ્વારરે, ગજ રથ અશ્વ તણો નહી પારરે,
ભેર ભુંગળ સરણુાઇઓ વાગેરે, ઉંઘતાં બાળક ઝબકીને જાગેરે;

શંખના નાદ ત્યાં થાય અપારરે, ગંધર્વ આવ્યા વિવિધ પ્રકારરે,
સેનાપતિ કુબેર ભંડારી આવ્યારે, સાથે દ્વિગુણિત સેનાને લાવ્યારે.

વરૂણ તેથી દ્વિગુણિત શોભાવાળારે, જાનમાં આવ્યા છે થઇને રૂપાળારે,
ઇંદ્રરાયની શોભા બહુ સારીરે, સર્વેને દીસે છે આનંદકારીરે;

રવિ શશી આવ્યા છે ભભકાદારરે, શોભે છે દાગીનાને શણુગારરે.
શ્રેષ્ટ ઋષિ યુકત વિરચી આવ્યારે, નિજ સાથે સર્વેને પ્રેમથી લાવ્યારે,

લક્ષ્મિપતિ આવ્યા વિષ્ણુ તેવારરે, મુકુટાદિ ભુષણુ શોભે અપારરે;
સર્વે દેવોની શોભા અતિ સારીરે, મેનાં જોઇને તે હરખે અપારરે.
નિજ મનમાં તે કરે છે વિચારરે, કેવા હશે પાર્વતી ભર્થારરે,
તેના દાસની શોભા બહુ સારીરે, તેથી અધિક હશે શિવ ત્રિપુરારીરે;
દેવનાદેવ એવા મહાદેવરે, મમપુત્રિ મેળવશે તતખેવરે.
શ્રદ્ધાથી તપ કર્યું તેણે અપારરે, તેના થશે શંકર ભરથારરે,
તેના ભાગ્ય તણો નહી પારરે, મુખથી વદું શું આણીરે વારરે;
શત વર્ષ સુધી વર્ણન નહી થાયરે, એવું પાર્વતીનું ભાગ્ય કહેવાયરે.
તેવે આવ્યા શીવજી ત્રિપુરારરે, મેનાંને કહે નારદજી તેણી વારરે,
નિહાળો મેનાં પેલા શિવજી આવેરે, સાથે તે ભુત પિસાચોને લાવેરે;
ઝપટથી આવે મેનાં તેણી વારરે, શિવ રૂપ જોવા હર્ષ અપારરે.

ગરબી. કડવું ૧૫. રાગ પુનમ ચાંદનીનો

સદા નિરંજન પર દુઃખ ભંજન ભોળા શિવજીરે,
અદ્ભૂત રૂપ ધર્યું છે હિમગિરિ ભવન મોઝાર.
હરવર સુરનર નટવર મુનિવર લેઇને સંચર્યારે,
તેત્રીશ કોટિ દેવો મળીને સર્વે જાય છેરે.
સર્વેના દીલમાં છે હર્ષ જ અપરંપાર, હરવર. ૧

શાખી. પ્રથમ રૂપ શિવે ધર્યું, હિમગિરિપુર તતકાળ,
મેનાં ગર્વને ટાળવા કર્યું રૂપ વિકાળ.

ભુત, પિશાચ, પ્રેત, ગણુ, સાથે આવ્યા શિવજીરે,
વાંકા મુખવાળા કુરૂપ સ્યામ વિક્રાળ. હરવર ૨

શાખી. લુક્ષા અંગવાળા અને દંડ પાસ ધરનાર,
મુગ્દલ ધરેલા અન્ય છે દુર્ભાષણુ કરનાર,
બિલ બિલાકાર શબ્દ કરનાર કેટલા છે ત્યાંહારે,
વગાડે ડમરૂ મુખથી કરતાળી પાડનાર. હરવર ૩

શાખી. અસંખ્યાત ભૂતાદિકો જાન અંદર સહુ જાય,
રૂપ દ્દષ્ટે તે નિરખીને મેનાં વ્યાકુળ થાય.
શિવનું સ્વરૂપ અદ્દભુત દીશે છે બીહામણુરે,
નેત્ર નીરખીને સહુ બાળક ભયભીત થાય. હરવર. ૪

શાખી. વૃષભ પર બિરાજેલા છે શંકર તેવાર,
પંચ વદન ત્રિનેત્ર છે. શોભે ભસ્મ અપાર.
મસ્તક પર શશિ ચળકે જટા જુટ દશ ભુજછેરે,
કરમાં પકડયાં છે મનુષ્ય કપાળ સુપેર. હરવર.

શાખી. વ્યાઘ્ર ચર્મ છે અંગપર, પિનાક ધનુષ ધરનાર,
આસ્તરણુ છે ગજ ચર્મનું રામમય ચિન્હ કરનાર.
નારદે મેનાંને શિવરૂપ બતાવ્યું તે સમેરે,
તેવે મુર્છિત થઇને પડી પૃથ્વિ મોઝાર. હરવર.

શાખી. મેનાં મુર્છા પામેલી થઇ સંજ્ઞા તેવાર,
પાર્વતીને કહે તે સમે, છે તુજને ધિઃક્કાર.

હે દુષ્ટે તે આ શું કર્યું ! વગર વિચારનુંરે,
પુત્રી અને નારદને કર્યા છે તિરસ્કાર. હરવર. ૭

શાખી. દુર્વચન મુનિને કહ્યાં, શમઋષિને કર્યા ધિક્કાર,
પડખે ઉભેલી સ્ત્રી હતી કયાં ગઇ આણીવાર.
કરમાં દીપ લેઇ હું પડી કુપમાં આ સમેરે,
જીવિત હણાયું મારૂ, વૃથા ગયું સહુ કાર્ય.

શાખી. દુષ્ટ મમ પુત્રીએ અંહી કર્યું છે અઘટીત કામ,
સુવર્ણનો ત્યાગજ કરી કાચ ગ્રહ્યો આ ઠામ.
ચંદન ત્યાગ કરી ગારાનું લેપન કર્યું અહી રે,
હંસ ઉડાડી કાકને ગ્રહણ કર્યો નિજ હાથ. હરવર. ૯

શાખી. ગંગોદક તજી દેહને, પાન કર્યું જળ કુપ,
ધૃતનો ત્યાગ તેણે કરી, દીવેલ પીધું રહી ચુપ.
કરી દિનકરનો ત્યાગ ખદ્યોત જંતુ ગ્રહણ કર્યુ રે,
સિંહ સેવા મુકી શિયાળનું કર્યું સેવન. હરવર. ૧૦

શાખી. ત્યાગ સુંદર પુષ્પજ કરી ફોતરાં કર્યાં ભક્ષણ,
યજ્ઞ ભસ્મને દુર કરી, ચિતા ભસ્મ કરી છે ગ્રહણ.
હે ઋષિ શત્તમ છે ધિક્કાર તમારી બુદ્ધિનેરે,
છે વળી તમારા ચરિત્રનેજ અતિ ધિક્કાર. હરવર. ૧૧

કડવું ૧૬. ગરબી.

(અગરચંદનના ઓરડા–એ રાગ.)

મેના ક્રોધાતુર બહુ થયાં શિવ સ્વરૂપ નીહાળીરે,
શમઋષિને ધિક્કારતાં વળી દે છે ત્યાં ગાળીરે. ૧

પશ્ચાતાપ કરે છે અતી થયું નહી અત્રે સારૂંરે,
બળી જાઓ ભવન આ માહરૂ મર્ણ થાજોરે મારૂરે. ૨

હિમવાનરાય મમચક્ષુથી દુર કેમ? ન થાયરે.
તેનુ વદન જોવું નહી ઋષિયો કેમ દૂર જાયરે! ૩

મમકુળ હલકું કર્યું તેણે હું વંધ્યા થઇ ન કેમરે,
કેમ ન ગર્ભ પડયો મા'રો મૃત્યુ થયું નહી કેમરે! ૪

કેમ ન મૃત્યુ થયું આહી મમપુત્રી રૂપાળીરે,
કેમ ન ભ્રક્ષ કરી ગયા, રાક્ષસોજ વિક્રાળીરે. ૫

શીર કાપી નાખું કે શું કરૂ, કરૂં દેહનો ત્યાગરે,
હું તો હણાઇ છું આ ઠામ, અંગે ઉઠી છે આગરે. ૬

એમ વીલાપ કરી મેનાં પડી ગઇ અવની માંહ્યરે,
તેવે નારદ પાર્વતી પ્રત્યે વદે છે શબ્દ ત્યાંહ્યરે. ૭

શિવનું સ્વરૂપ જાણ્યું નથી મેનકાએરે જ્યાંહીરે,
પશ્ચાતાપ ત્યાં સુધી કરે સત્ય કહુછુંરે આંહીરે. ૮

વિરંચી અને અન્ય દેવતા મેનાંને સમજાવેરે,
શિવનું સ્વરૂપ શોહામણું કળ્યામાં કંઇ નાવેરે. ૯

લોકના કર્તા હર્તા શિવ પાલનના કરનારરે,
શેવે ઇંદ્રાદિક દેવતા સહુનાં કષ્ટ હરનારરે. ૧૦

તુજ દ્વારે આવ્યા છે શિવજી તુજ કુલ દીપાવ્યુંરે,
ભાગ્યશાળી તમપુત્રી છે તપમાં વીઘ્ન નાવ્યુંરે. ૧૧

સર્વેના કલ્યાણકારી છે, શિવજી ત્રિપુરારરે
કીંકર થઇ આવ્યા દેવતા જાનમાં આ વારરે. ૧૨

મનગમતા સ્વામી મળ્યા, શિવ અંતર્યામીરે,
કન્યાદાન કરો પ્રેમથી ભોળા છે બહુ નામીરે. ૧૩

મેનકા કોઇનું માને નહી સર્વેને ધિક્કારેરે,
કંન્યાને મારી નાખું આંહી આપું નહી શિવને કયારેરે. ૧૪

પાર્વતી વદતાં મુખથી નીજ માતને ત્યાંયરે,
તુજ બુદ્ધિ વિપરીત થઇ કેમ! આ શું થયું તુને આંયરે. ૧૫

સર્વેના કલ્યાણકારી છે શિવજી લોકપાળરે,
દેવનાદેવ મહાદેવ વળી છે પ્રતીપાળરે...... ૧૬

હે હિતકારિણીં માતાજી ન થાશો ઉદાશરે,
પ્રયત્નથા જીવિત સફળ કરો દીલમાં ધરી ઉલ્લાશરે. ૧૭

આ આશ્રમને સફળ કરો, સંતાપનો કરો ત્યાગરે,
શિવને ન આપું મુને અત્રે દેહનો કરૂં ત્યાગરે. ૧૮

મનવાણી કાયાથી હું વરી શિવજી સાક્ષાતરે,
તુજ ઇચ્છામાં આવે તે કરજે, શિવની નાર હું પ્રખ્યાતરે. ૧૯

વચન સુણી એવાં પુત્રીનાં, તેને તાડન કરતીરે,
તન પકડી દાંત ભીશીને મારતી ત્યાં ફરતીરે. ૨૦

અવનીપર પકડી પછાડતાં ચુંટી નાખે છે ગાલરે,
મારે તમાચો તડાતડી મુનિએ લીધી સંભાળરે. ૨૧

નારદ અન્ય ઋષિ મળી, પાર્વતી પકડી લીધાંરે,
તિરસ્કાર કરવા મેનાં, લાગી કોઇને માન ન દીધાંરે. ૨૨

મેનાં કહે નીજ પુત્રીને શું કરૂ આણીવારરે,
વિષદેઉ કુપમાં નાખું નાખું સાગર મોઝારરે. ૨૩

શસ્ત્રથી મારી નાખું તેને, કેવા વરને તે પામીરે,
માત તાત નહિ તેમને, કુળમાં આવે ખામીરે. ૨૪

ગોત્ર, ચાતુર્યને રૂપ નહિ, નહિ ભવન ત્યાં સારૂરે,
વસ્ત્રું અલંકાર છે નહિ, વાહન વૃષભનું પ્યારૂંરે. ૨૫

ધન વિદ્યા તેને મળે નહિ, યોગી તે કેહેવાયરે,
તેને પુત્રી કેમ હું આપું, મુને ચિંતા તે થાયરે. ૨૬

કડવું ૧૭. ગરબી.

(ક્યાં ગયો પેલો મોરલીવાળો હમારા ઘુંઘટ ખોલીરે એ રાગ.)

વંદતા શ્રીહરિ પ્રેમ કરીને મેનાંને તેવારરે,
બોધ કરે છે તેમને કરે જ્ઞાન વિવિધ પ્રકારરે. ટેક.

જાણો નહિ તમે શિવ સ્વરૂપને ત્રીલોકના તારનારરે,
સર્વે દેવના દેવ મહાદેવ શિવમય સહુ સંસારરે. વંદતા. ૧

સર્વત્ર વ્યાપી રહ્યા શિવ વિના કંઇ નહી ઠામરે,
હું શિવ, તું શિવ, સર્વ જગત, શિવમય છે વસ્તુ તમામરે. વં૦ ૨
શિવ વિના કંઇ છે નહિ બીજો, જાણો સત્ય જ વાતરે,
જ્ઞાન દૃષ્ટિવાળા સહુ જાણે શિવજી છે સાક્ષાતરે. વં૦ ૩
વિવિધ પ્રકારનું શંકર સ્વરૂપ ભક્તિએ ઉરમાં આણુંરે,
પ્રકૃતિના સંયોગથી શિવરૂપ અનેક હું જાણુંરે. વં૦ ૪
હરપોતે ગુણુ રૂપે કરીને પ્રકટ થયા છે આંહ્યરે,
તે પરમાત્માના તત્વોને જાણું નહી હું જ્યાંહ્યરે. વં૦ ૫
માટે હે હિમવાનની પત્નિ, મેનાં થા સુખકારીરે,
સર્વે તજીને ભજ શિવજીને કહુંછું ચિંતજ ધારીરે. વં૦ ૬
મેનાંને કર્યો બોધ હરિએ, મન કોમળ કંઇ થાયરે,
તેવે નારદ બોધ થકી પધાર્યા શંકર રાયરે. વં૦ ૭
શિવજીએ ત્યાં રૂપ પ્રકાશ્યું કોટિક ભાનું પ્રકાશરે,
મેનાંએ શિવ રૂપ નિરખીને પુર્ણ કરી નિજ આશરે. વં૦ ૮

કડવું ૧૮. (રાગ. પુનમ ચાંદનીનો.)

નારદ વચન સુણીને રૂપ પ્રકાશ્યું શિવજીરે,
તેનું વર્ણન કરતાં આવે નહિ અહીં પાર.
કોટિક રવી શશિ, કાન્તિ તુલ્ય સ્વરૂપ શિવ શોભતારે,
સુંદર હરવર રૂપ નિરખવા આવ્યા સર્વ કોરે.
કાર્ય તજીને જોવા જાતાં વ્રજનરનાર. કોટીક.. ૧

શાખી. શિવ સ્વરૂપ નિહાળવા આવે પુરના જન,
હર્ષ ઊરમાં છે ઘણો ખુશી સર્વનું મન.

કરે છે પુષ્પની વૃષ્ટિ સુરનર કીન્નર પ્રેમથીરે,
ધીમી ચાલે આવે શિવ નંદિ થઇ સ્વાર. કોટીક. ૨

શાખી. સુંદર વસ્ત્ર મુકુટમણી ઝળકે બીંબાકાર,
આભુષણ શિવ અંગપર શોભે વિચિત્ર પ્રકાર.

સુંદર હાસ્યવાળા દેવગણની સાથ શિવ આવતારે,
દિનકર છત્ર ધરેલા વ્યજન કર્યે શશિ ત્યાંય કોટીક. ૩

શાખી. નૃત્ય કરે અષ્ટ સિદ્ધિઓ, બ્રહ્મા વિષ્ણું નિજ સાથ,
જયજય શબ્દ ઉચ્ચારતા, આયુધ પકડી હાથ.

યમુના, ગંગા જેને કરે છે ચામર પ્રેમથીરે,
ઋષિગણ આંગળ ચાલ્યા આવે સજી શણગાર. કોટીક. ૪

શાખી. ગંધર્વ અપ્સરાઓ બહુ ગાન કરે અપાર,
મુખ્ય જેમાં ગણ નંદિ છે શોભાયુક્ત તેવાર.

સાગર સરિતા ચાલ્યા આવે છે ત્યાં પ્રિતથીરે,
મૃદંગાદિક સુંદર ત્યાં વાદ્ય વાગે બહુ પેર. કોટીક. ૫

શાખી. મેના શિવરૂપ જોઇને ચકિત થઇ ક્ષણવાર,
વર્ણન દેવે કર્યું હતું તે સત્ય થયું મમદ્વાર.

મહાત્મા શિવ શોભાનું વર્ણન થાય ન કોઇથીરે,
સમર્થ નહી કો અત્રે શિવતુલ્ય આ ઠામ. કોટીક. ૬

શાખી. શિવજીને આધિન કર્યા ધન્ય મમપુત્રી આજ,
લજ્જા પામી તે સમે નિરખી શિવ મહારાજ.

દેવગણ સહીત શિવજી પધાર્યા હિમગિરી દ્વારમાંરે,
પુજ્યા મહાદેવને મેનાએ ધરી પ્યાર. કોટીક. ૭

શાખી. શિવ સ્વરૂપને નિરખવા આવી કેટલીક નાર,
સ્વામિની સેવા તજી કેટલી આવી તે વાર.

ગૌદોતાં છોડી આવી કેટલીક વનિતા ત્યહાંરે,
સ્તનપાન કર્તા બાળક તજી આવી તેવાર. કોટીક. ૮

શાખી. અંજન કરતી આવતી સજીને નીજ શણગાર,
પય ચુલાપર મુકીને આવે કેટલીક નાર.

ભોજન કરતાં મુકી કેટલીક લલના આવતીરે,
સ્નાન કરતાં મુકી આવે શિવ દર્શન કાજ. કોટીક. ૯

શાખી. કુળવાન નારી કાર્ય તજી આવતી હર્ષેજ ભેર,
કાંમ રસોઇનું મુકીને વનીતા આવે તે પેર.

સુગંધી લેપન કરતી ધાઇ આવે સર્વ મળીરે,
કટિ મેખળાને બાંધતી આવી કેટલીક નાર. કોટીક. ૧૦

શાખી. ભોજન કરતા સ્વામીને મુકી આવે તે વાર.
પતિચર્ણ મર્દન મુકી કેટલીક આવી નાર.

વિવિધ પ્રકારનું કાર્ય તજી આવે દારા સહુરે,
શંકર રૂપ જોઇ મોહ પ્રાપ્ત થઇ અપાર. કોટીક. ૧૧

શાખી. ક્ષેત્ર માત્ર અચેતન થઇ સહુ કરે મન વિચાર,
અરસ પરસ ત્યાં બોલતી આવેલી સહુ નાર.
કર્યું તપ પાર્વતીએ તે સાર્થક થયું છે આ સમેરે
કેવું શિવનું સ્વરૂપ નિહાળો આણીવાર. કોટીક. ૧૨

શાખી. હે સખિઓ શિવ રૂપનું કેમજ વર્ણન થાય?
યથાર્થ છે શિવ નામને અત્રે જે દેખાય;
શિવ દર્શનથી થાય કલ્યાણુજ સર્વે પ્રાણીનેરે,
શિવ શાક્ષાત પાપને છે નાશજ કરનાર. કોટીક. ૧૩

શાખી. પાર્વતીએ જે તપ કર્યું સિદ્ધ થયું આ ઠામ,
શિવ રૂપ પતિ પ્રાપ્ત થઇ લેતી શંકર નામ;
ધન્ય ધન્ય હે દેવી. કૃત કૃત્ય થઈ તું આસમેરે,
નિરંતર પ્રાપ્ત થશે સંતોશ તુને બહુપેર. કોટીક. ૧૪

શાખી. જેમ લક્ષ્મી પામ્યાં હરિ, નારાયણુ ભવનાર,
તેમ પાર્વતી પામીયાં શિવ સ્વામી ત્રિપુરાર;
વિરંચીએ અતી શ્રમથી જોડુ મેળવ્યું પ્રિતથીરે,
ધન્ય ઉમિયાજી શિવની પુજા કરી અપાર. કોટીક. ૧૫

કડવું. ૧૯ ગરબી.

મોતી તોરણે આવ્યા સદા શિવરાય, સાસુ મેનાં હર્ષ ધરી પોંખવા જાય,
નાક સાહીને નિરખ્યા શ્રીશંકરસ્વામિ,મારી રૂડી પાર્વતી સુંદર વર પામી.

તપ કરવામાં રાખી નહિ કંઇ ખામી,જેથી મળીયા મન ગમતા શિવસ્વામી.
સહુએ નિરખ્યા અલૌકીક શંકરરાય,નિરખી નિરખી સર્વેકોને આનંદ થાય.
વિરંચી શુભ કાર્ય કરાવે છે ત્યાંહય,સર્વેના મન આનંદ થાયછે જયાંહ્ય.
વળતી પાર્વતીએ ધર્યું રૂપજ સારૂં,તે આ દુનિયામાં સર્વે થકીજ છે ન્યારૂં;
જેવો કાટિક ભાનુ પ્રકાશજ હોય, તેવું રૂપ ધર્યું ઉમિયાજીએ ત્યાંહ્ય.
શોભે છે ત્યાં પાર્વતી તેજસ્વી અપાર તેનું વર્ણન મમ મુખથી ન થનાર
વિરાજયા છે મંડપે શિવત્રિલોકનાથ, કન્યાદાન દેછે ત્યાં હિમાચળ તાત.
આપ્યા ગજ રથ દાસી ઝવેર અપાર,ચાંદી કનક તણાં આભુષણુનો ન પાર.
અન્ય દ્રવ્ય અર્પ્યું છે વિવિધ પ્રકાર તેનું વર્ણન કરતાં ન આવેજ પાર;
ચારે ફેરા ફરી મંગળ વરતાય, ચારે વેદો તણી જયાં ધુન મચાય,
વરકન્યા પરણીને ઉઠયાં જેણી વાર,ચો પ્રદક્ષિણા કરવા પાવકને તે રહ્યા,
ઉમા અંગુષ્ટ બ્રહ્માદષ્ટે પડયો ત્યાં હ્ય,જેથી વિર્ય સ્ખલિત થયું તેમનું જયાં
જેથી ઉત્પન્ન થયા બટુકો ત્યાં હજાર, બ્રહ્મા પાસ ઉભા કરીને નમસ્કાર.
કુપિત શિવ થયા બ્રહ્માપર ક્ષણુવાર, ક્ષમાકરી સ્તુતિથી ત્યાં શિવ ત્રીપુરાર,
ગંગોદકથી પવિત્ર વિરંચીને કીધા, બટુકોને સુર્યપાસ રેહેવાને દીધા;
અવશેષ કાર્ય બ્રહ્માએ પુરૂ કીધું, મેનકાએ પ્રેમથી કન્યાદાન દીધું;
આશિર્વાદ આપીને કર્યા નમસ્કાર, જગતમાત પાર્વતી પિતા ત્રિપુરાર.
ત્યાંહી પુષ્પવૃષ્ટિ સહુ દેવ કરેછે; નિત્ય શિવશિવ નામ હૃદયમાં ધરે છે;
સર્વે વારંગના બહુ નૃત્ય કરેછે, નારી ગરબાં ગાઇને ત્યાં કુદડી ફરેછે.
જે કોઇ ગાય શિખે ઉલટથી સદાય, તેને મોક્ષ આપે શિવશંકરરાય.

કડવું ૨૦.

વરકન્યાની જોડ બિરાજેરે, ત્યાંહી કોટિકામ છબી છાજેરે.
પરંણ્યા શિવશંકર મહારાજરે, ત્યાંહી મલ્યોછે સર્વ સમાજરે.
દેવો સર્વે ત્યાં જોવાને આવેરે સહુને શંકર હેતે બોલાવેરે,
ચારેફેરા શંભુસંગે ફરીયાંરે ઉમિયા શંભુજીસાથે વરીયાંરે;
શોભે અખંડ અલૌકિક જોડરે પાર્વતીના પુર્યા શિવે કોડરે;
વરકન્યાનો જોડછે સારીરે સહુને થાયછે આનંદકારીરે.

કડવું ૨૧.

શંકર પરણ્યા પાર્વતિ લેઇ આવ્યા કૈલાશ દ્વાર,
જેણે શ્રીશંકર ઓળખ્યા તેના પુન્યતણો નહીં પાર.
પ્રેમે તે પરણ્યાં પાર્વતી, પોહોચ્યા તે મનના કોડ
જન્મ સફળ તેણે કર્યો શિવજીથી કીધી હોડ.
ચારે તે મંગળ વરતીયાં વરકન્યાની જોડી સાથ.
ઉમિયાજીને લેઇ આવીયા કૈલાશ શંભુનાથ.
ગાય શિખે ને સાંભળે એક ચિત્તે નરને નાર,
ચારે પદાર્થ પામશે થાશે લક્ષ્મીનો ભંડાર.
વૃદ્ધિ થાય સુખ સંપતિની આરોગ્ય રહેશે તન,
શિવ ભક્તિ દ્રઢથી કરે તેને શંકર થાશે પ્રસન્ન.
શોમેશ્વર ચિતથી કરે શિવ વિવાહકેરો સાર.
સર્વે વિગત કહી ભાવથી શિવપુરાણનો આધાર.

ગરબી.

આજે તો આનંદની હેલી, જોવા મળી સર્વે સાહેલી;
પુર્વની તો પ્રિત હતી પેહેલી, પાર્વતી શંકર વર પામી.

કર્યું તપ ઉમિયાજીએ ભારી, પ્રસન્ન થયા શંકર ત્રિપુરારી;
પુરમાં થાય બહુ આનંદકારી, પાર્વતી શંકરવર પામી.

જપે નામ શિવનુંજે બહુવાર, વળી ભક્તિ કરશે જે નરનાર;
તેને શિવ ઉતારે ભવપાર, પાર્વતી શંકરવર પામી.

यइमं पठतेग्रंथं श्रृणोति वा नरः सदाः
शिव ज्ञानं सलभत शिवस्य कृपयाबुधः ॥

સમાપ્ત